| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪ /૦૬ /૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૪ /૦૬ /૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૨૯ /૦૯/ ૨૦૨૫ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૨** | **૦૩** | **૧૫** |

**મે. મહેસાણાના ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**
**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ–૨૯/૦૯/૨૦૨૫**
**<u>સેશન્સ કેસ નંબર–૬૦/૨૦૨૩.</u>**
**આંક –૮૭**
**વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ..**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્વાન એડિ. પી.પી.શ્રી** આર. બી. દરજી |
| **આરોપીઃ–** | **૧. ડાભી ( ઠાકોર ) અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી,**<br>ઉ.વ.આ.– ૪૫,<br>મુળ રહે.– સિપોર, મોટોવાસ,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br>હાલ રહે.– ઉમેદગઢ,<br>તા.– ઇડર, જી.– સાબરકાંઠા.<br><br>**૨. ડાભી( ઠાકોર ) રમેશજી વરવાજી જેહાજી,**<br>ઉ.વ.આ.– ૪૫,<br>રહે.– સિપોર, મોટોવાસ,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૩. ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજી ખોડાજી,**<br>ઉ.વ.– ૪૯,<br>રહે.– સિપોર, પટવાવાસ,<br>તા.– વડનગર, જી.– પાટણ.<br><br>**૪. વિજયસિંહ સોમાજી ખોડાજી ડાભી (ઠાકોર),**<br>ઉ.વ.– ૪૭, રહે.– સિપોર, કુંભારવાસ,<br>તા.– વડનગર, જી.– પાટણ. |

| | |
|---|---|
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી એમ. જી. જોષી.** |

**ગુન્હાનો ચાર્જઃ–** **-ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ...**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૧૪–૦૧–૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૧૪–૦૧–૨૦૨૩ |
| ચાર્જશીટની નકલઃ– | ૨૯–૦૪–૨૦૨૩ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૨૦–૦૪–૨૦૨૪ |
| પુરાવો લીધા તારીખઃ– | ૧૫–૧૦–૨૦૨૪ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૨૮–૦૮–૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ----- |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ડાભી(ઠાકોર) અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી,** | ૨૭–૦૧–૨૩ | ૨૭–૦૧–૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | -- | |
| ૨. | **ડાભી( ઠાકોર ) રમેશજી વરવાજી જેહાજી,** | ૨૭–૦૧–૨૩ | ૨૭–૦૧–૨૩ | " " " | નિર્દોષ | | |
| ૩. | **ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજી ખોડાજી,** | ૧૩–૦૨–૨૩ | ૧૩–૦૨–૨૩ | " " " | દોષીત | | |
| ૪. | **વિજયસિંહ સોમાજી ખોડાજી ડાભી (ઠાકોર),** | ૦૫–૦૩–૨૩ | ૦૫–૦૩–૨૩ | " " " | દોષીત | | |

## --// જ જ મે ન્ટ //--

(૧).. આ કામના આરોપીઓ વિરૂધ્ધ **વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.**

**ર. નંબર–૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ**નો ગુનો નોંધાયેલ છે, જે ગુના સબબ આરોપીઓ જામીન મુક્ત છે.

(૨).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ કલાક ૧૨–૩૦ થી કલાક ૧૩–૦૦ વાગ્યા દરમ્યાન મોજે સિપોર ગામે નવા બસસ્ટેન્ડ આગળ આ કામના ફરિયાદી ડાભી કીર્તીસિંહ બનાવના બનાવના બે માસ અગાઉ ઝઘડો થયેલ તે ઝઘડાની અદાવત રાખી આરોપી ડાભી (ઠાકોર) અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી તથા આરોપી નંબર–૦૨ ઠાકોર રમેશજી વરવાજીએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારેલ. તેમજ આરોપી નંબર–૦૩ ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજીનાઓએ ફરિયાદીના માથામાં જમણી બાજુ લોખંડનું ધારીયું મારી ઈજાઓ પહોચાડેલ તેમજ ફરિયાદી તથા સાહેદોને સારવાર સારૂ લઈ જતી ૧૦૮ એમ્બ્યુલન્સને ગેરકાયદેસર અટકાવી ગડદા પાટુનો માર મારેલ. તેમજ આરોપી નંબર–૦૪ ડાભી (ઠાકોર) વિજયસિંહ સોમાજી ખોડાજીનાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી મહેસાણાનાઓના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ તે મતલબની ફરિયાદ નોંધાવેલ છે.

(૩).. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આરોપીઓને અટક કરેલ, તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન વિસનગરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. ની કોર્ટમાં રજૂ કરેલ. જ્યાં ક્રિમીનલ કેસ નંબર–૩૭૨/૨૦૨૩ થી કેસ રજિસ્ટર્ડ થયેલ છે. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્વાન એડિશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી, વિસનગરનાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની કોર્ટમાં કમીટ કરી મોકલી આપેલ.

(૪).. આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક

પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ કેસ પેપર્સ વંચાણે લઇ **આંક–૦૬**થી આરોપીઓ ઉપર **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૭ થી આંક–૧૦ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**// મૌખિક પુરાવો //**

| ક્રમ | પ્રોસીક્યુશન વીટનેસ નંબર | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | સાહેદ નંબર–૦૧. | ડૉક્ટર, ચિરાગ નારાયણભાઇ અસારીની જુબાની. | ૧૨ |
| ૨. | સાહેદ નંબર–૦૨. | ગુનાવાળી જગ્યા બતાવ્યાના પંચનામાના પંચ સાહેદ, ડાભી સંજયજી પોપટજીની જુબાની. | ૧૮ |
| ૩. | સાહેદ નંબર–૦૩. | ગુનાવાળી જગ્યા બતાવ્યાના પંચનામાના બીજા પંચ સાહેદ, ડાભી વજેસિંહ ભોપાજીની જુબાની. | ૨૦ |
| ૪. | સાહેદ નંબર–૦૪. | ફરિયાદી, ડાભી કીર્તીસિંહ કુબેરજીની જુબાની. | ૨૩ |
| ૫. | સાહેદ નંબર–૦૫. | ડૉક્ટર, વિશ્વાસ કાનજીભાઇ ચૌધરીની જુબાની. | ૨૭ |
| ૬. | સાહેદ નંબર–૦૬. | આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, સુરેશજી કડવાજી ડાભીની જુબાની. | ૩૧ |
| ૭. | સાહેદ નંબર–૦૭. | એમ્બ્યુલન્સના ડૉક્ટર, ચૌહાણ નીલમબેન રમેશભાઈની જુબાની. | ૩૩ |
| ૮. | સાહેદ નંબર–૦૮. | એમ્બ્યુલન્સના પાયલોટ, રાઠોડ ધનપાલસિંહ નિર્મલસિંહની જુબાની. | ૩૪ |
| ૯. | સાહેદ નંબર–૦૯. | સર્કલ ઓફીસર, ચૌધરી ભાવીનકુમાર કાનજીભાઇની જુબાની. | ૩૬ |
| ૧૦. | સાહેદ નંબર–૧૦. | મુદ્દામાલ મારક હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ડાભી કરનજી જયંતીજીની જુબાની. | ૪૧ |
| ૧૧. | સાહેદ નંબર–૧૧. | ડૉક્ટર, યશ કાન્તીલાલ પટેલની જુબાની. | ૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | સાહેદ નંબર–૧૨. | ડૉક્ટર, અંકીતકુમાર જયંતીભાઇ પટેલની જુબાની. | ૪૭ |
| ૧૩. | સાહેદ નંબર–૧૩. | નર્સ, ઠાકોર હિનાબેન કુબેરજીની જુબાની | ૫૧ |
| ૧૪. | સાહેદ નંબર–૧૪. | સાહેદ, ઠાકોર (ડાભી) નિકુંજસિંહ કુબેરજીની જુબાની | ૫૨ |
| ૧૫. | સાહેદ નંબર–૧૫. | સાહેદ, ઠાકોર પ્રકાશજી પ્રહલાદજી મોધાજીની જુબાની. | ૫૩ |
| ૧૬. | સાહેદ નંબર–૧૬. | આરોપીની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, ઠાકોર કિશનજી છનાજીની જુબાની. | ૫૬ |
| ૧૭. | સાહેદ નંબર–૧૭. | આરોપીની શરીર સ્થીતીના પંચનામાના બીજા પંચ સાહેદ, ઠાકોર દિનેશકુમાર અમરતજીની જુબાની. | ૫૮ |
| ૧૮. | સાહેદ નંબર–૧૮. | એ. એસ. આઇ., આશિષકુમાર મહેન્દ્રભાઇની જુબાની. | ૬૪ |
| ૧૯. | સાહેદ નંબર–૧૯. | પી.આઇ., ચિરાગ બાબુભાઇ ગામીતની જુબાની. | ૬૯ |
| ૨૦. | સાહેદ નંબર–૨૦. | વીડીયોગ્રાફી અને સીડી તૈયાર કરેલાના સાહેદ, પ્રવિણભાઇ રણછોડભાઇની જુબાની. | ૮૦ |
| ૨૧. | સાહેદ નંબર–૨૧. | પી. આઇ., નરેન્દ્રસિંહ રવુભા વાઘેલાની જુબાની. | ૮૧ |
| ૨૨. | સાહેદ નંબર–૨૨. | સાહેદ, રબારી કરમણભાઇ રામજીભાઇની જુબાની. | ૮૨ |
| ૨૩. | સાહેદ નંબર–૨૩. | પી.એસ.આઇ.,મુકેશગીરી બાબુગીરી ગોસ્વામીની જુબાની. | ૮૪ |

## // દસ્તાવેજી પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઠાકોર કીર્તીસિંહનું મેડિકલ સર્ટી. | ૧૩ |
| ૨. | દર્દીના અસલ કેસ પેપર્સ તથા રીફર ચીટ. | ૧૪ |
| ૩. | ડાભી હીનાબેનનું મેડિકલ સર્ટી. | ૧૫ |
| ૪. | દર્દીના અસલ કેસ પેપર્સ પેજ–૦૧ તથા ડીસ્ચાર્જ કાર્ડ પેજ–૦૧. | ૧૬,૧૭ |
| ૫. | ગુનાવાળી જગ્યા બતાવ્યાનું પંચનામું. | ૧૯ |
| ૬. | ફરિયાદ. | ૨૪ |
| ૭. | ઠાકોર પ્રવિણસિંહનું મેડિકલ સર્ટી. | ૨૮ |
| ૮. | ડાભી કાન્તાબેનનું મેડિકલ સર્ટી. | ૨૯ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૯. | આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામું. | ૩૨ |
| ૧૦. | ગુનાવાળી જગ્યાનો નકશો. | ૩૭ |
| ૧૧. | મુદ્દામાલ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું. | ૪૨ |
| ૧૨. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ની પંચ સ્લીપ. | ૪૩ |
| ૧૩. | ડાભી કીર્તીસિંહનું મેડિકલ સર્ટી. | ૪૬ |
| ૧૪. | ઠાકોર રમેશભાઇનું મેડિકલ સર્ટી. | ૪૮ |
| ૧૫. | ડાભી વિજયસિંહનું મેડિકલ સર્ટી. | ૪૯ |
| ૧૬. | ૬૫–બી અંગેનું સર્ટી. | ૫૪ |
| ૧૭. | આરોપીની શરીર સ્થીતીનું પંચનામું. | ૫૬ |
| ૧૮. | ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ. | ૬૫ |
| ૧૯. | દવાખાના વર્ધી તથા ડેપ્યુટ હુકમ. | ૬૬, ૬૭, ૬૮ |
| ૨૦. | આરોપીઓની અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં કરેલ નોધ. | ૭૦, ૭૧ |
| ૨૧. | કલમ વધારાનો રીપોર્ટ. | ૭૨ |
| ૨૨. | વીડીયોગ્રાફી અને સીડી તૈયાર કરેલાનું ૬૫–બી સર્ટીફિકેટ. | ૭૩ |
| ૨૩. | એફ. એસ. એલ.નો ફોરવડીંગ લેટર તથા મુદ્દામાલ રવાનગી નોધ તથા એફ. એસ. એલ.નો પરીક્ષણ અહેવાલ. | ૭૪થી ૭૬ |
| ૨૪. | મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધી અંગેનું જાહેરનામું. | ૭૭ |
| ૨૫. | બનાવ સ્થળના ફોટોગ્રાફ. | ૭૮ |
| ૨૬. | ડી.વી.ડી. | ૭૯ |

**<u>મટીરીયલ્સ ઓબ્જેક્ટસ</u>**

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧. | ધારીયું | એક લોખંડનું ધારીયું જેની ઉપર ગુન્હા લગત કોઇ ચિહ્નો જણાતા નથી. |

**<u>ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

(૬).. ફરીયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વધારાના

નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, " અમારી ઉપર ખોટો કેસ કરેલ છે." આ સિવાય અમારે સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

**દલીલઃ–**

(૭).. ફરીયાદપક્ષે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી આર. બી. દરજીનાએ એવી રજુઆત કરેલ છે કે, સદર કામે ફરિયાદી કે જેઓ ઈજા પામનાર સાહેદ પણ છે તેમના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે. તેમજ સાહેદ હિનાબેન ઠાકોરના પુરાવાથી તેમજ અન્ય સાહેદોના પુરાવાથી બનાવને સમર્થન મળે છે. વધુમાં બનાવના દિવસે આપેલ ફરિયાદ તથા ડૉક્ટર સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં પણ આરોપીઓએ તેમને માર મારેલાની હકીકતો જણાવેલ છે. વધુમાં વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે પણ આરોપીઓએ ફરિયાદી સાહેદોને માર મારેલાની હકીકતને સમર્થન મળે છે. મેડિકલ પુરાવો તથા પોલીસ કર્મચારીઓના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. હાલનો કેસ ક્રોસ કેસ છે વિગેરે હકીકતો જણાવી ફરિયાદપક્ષે આરોપીઓ સામે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

વધુમાં મુળ ફરિયાદી તરફે આંક–૮૬થી લેખીત દલીલો રજુ કરેલ છે જેમાં વિદ્વાન એડિ. પી. પી. શ્રીએ કરેલ દલીલો દોહરાવતી તથા ફરિયાદપક્ષના પુરાવાની હકીકતો જણાવેલ છે. જે ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે.

(૮).. બચાવપક્ષે વિદ્વાન વકીલ શ્રી એમ. જી. જોષી દ્વારા મૌખીક દલીલ કરી જણાવેલ છે કે, સદર કામે ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ નજરે જોનાર ફરિયાદી સિવાય અન્ય કોઈ સાહેદ નથી. ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં એક સુત્રતા જણાતી નથી પરંતુ તેમાં એક બીજાના પુરાવાથી તથા મહત્વની હકીકતો અંગે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષના સાહેદોમાં ફરિયાદી અને હિનાબેન સિવાય કોઈ નજરે જોનાર સાહેદ નથી. આ બંન્ને સાહેદોના પુરાવામાં વિરોધાભાસ જણાઈ આવે છે. જુદી જુદી હોસ્પીટલના ડૉક્ટર સમક્ષ અલગ અલગ હકીકતો જણાવેલ છે. તેમજ આરોપી પ્રવિણસિંહ ડાભી કે જે બનાવ સમયે હાજર ન હતા તેમજ તેઓ ક્રોસ કેસમાં પણ કોઈ સાહેદ કે ફરિયાદી નથી તેમ છતાં તેમને ગુનામાં સંડોવવા માટે તથા તેઓ સામાજીક આગેવાન તથા ગામના પુર્વ સરપંચ હોય તેમને ગુનામાં ખોટી રીતે

સંડોવેલા છે. વધુમાં ફરિયાદી તથા સાહેદો કે જે ક્રોસ કેસના આરોપીઓ છે તેમની સામે થયેલ કેસમાંથી બચવા માટે હાલનો બનાવ ખોટો ઉભો કરેલો છે. તેમ જણાવી ફરિયાદપક્ષ તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯).. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

(૧).. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ કલાક ૧૨–૩૦ થી કલાક ૧૩–૦૦ વાગ્યા દરમ્યાન મોજે સિપોર ગામે નવા બસસ્ટેન્ડ આગળ આ કામના ફરિયાદી ડાભી કીર્તીસિંહ બનાવના બનાવના બે માસ અગાઉ ઝધડો થયેલ તે ઝધડાની અદાવત રાખી આરોપી ડાભી (ઠાકોર) અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી તથા આરોપી નંબર–૦૨ ઠાકોર રમેશજી વરવાજીએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારેલ તેમજ આરોપી નંબર–૦૩ ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજીનાઓએ ફરિયાદીના માથામાં જમણી બાજુ લોખંડનું ધારીયું મારી ઈજાઓ પહોચાડેલ તેમજ ફરિયાદી તથા સાહેદોને સારવાર સારૂ લઈ જતી ૧૦૮ એમ્બ્યુલન્સને ગેરકાયદેસર અટકાવી ગડદા પાટુનો માર મારેલ તેમજ આરોપી નંબર–૦૪ ડાભી (ઠાકોર) વિજયસિંહ સોમાજી ખોડાજીનાએ ફરિયાદીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, **ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪** મુજબનો શીક્ષાપાત્ર ગુન્હોઆચરેલ છે ?

(૨).. શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરેલ છે કે, આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી મહેસાણાનાઓ ના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, **તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનો શીક્ષાપાત્ર ગુન્હોઆચરેલ છે ?

(૩).. શું હુકમ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧). મુદ્ધા નંબર –૦૧ અંશતઃ હકારમાં

(૨). મુદ્ધા નંબર –૦૨ નકારમાં

(૩). મુદ્ધા નંબર –૦૩ આખરી હુકમ મુજબ.

**(૧૧ )..** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**મુદ્ધા નંબર–૦૧ની ચર્ચાઃ–**

**પંચ સાહેદોની જુબાનીઃ–**

**(૧૨)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૮થી ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવ્યાના પંચનામાના પંચ સાહેદ, ડાભી સંજયજી પોપટજી (પી.ડબલ્યુ નંબર–૦૨)ને** તથા **આંક–૧૮થી બીજા પંચ સાહેદ, ડાભી વજેસિંહ ભોપાજી (પી.ડબલ્યુ નંબર–૦૩)ને** તપાસવામાં આવેલ છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને તા.૧૫–૦૧–૨૦૨૨ ના રોજ વડનગર પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવી તેમની એક તૈયાર કાગળમાં સહી લીધેલ તેમ જણાવી તેમણે આંક–૧૯ ના ગુનાવાળી જગ્યા બતાવ્યાના પંચનામામાં પંચ નંબર–૦૧ તરીકે પોતાની તથા પંચ નંબર–૦૨ તરીકે ડાભી વજેસિંહની સહીઓ ઓળખી બતાવેલ છે. આમ સદર બંન્ને પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્ધાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્ધાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે અને તેમના દ્ધારા સદર પંચ સાહેદોની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૩)..** ત્યારબાદ ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૧થી આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, સુરેશજી કડવાજી ડાભી (પી.ડબલ્યુ નંબર–૦૬)ને** તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ

છે કે, તા.૧૫–૦૧–૨૦૨૨ ના રોજ કલાક ૧૮–૪૫ વાગે વડનગર પોલીસ સ્ટેશનમાં પોલીસે બોલાવેલ અને તેમની એક તૈયાર કાગળમાં સહી લીધેલ તેમ જણાવી તેમણે આંક–૩૨ ના આરોપીઓની શરીર સ્થીતીના પંચનામામાં પંચ નંબર–૦૧ તરીકે તેમની પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે અને તેમના દ્વારા સદર પંચ સાહેદોની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૪).. ત્યારબાદ ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૧થી આરોપીઓની શરીર સ્થીતીના તથા મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, ડાભી કરનજી જયંતીજી (પી.ડબલ્યુ નંબર–૧૦)ને** તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૩–૦૨–૨૦૨૨ ના રોજ કલાક ૧૨–૦૦ વાગે વડનગર પોલીસ સ્ટેશનમાં કામ અર્થે જતા હતા ત્યારે પોલીસેતેમની એક તૈયાર કાગળમાં સહી લીધેલ તેમ જણાવી તેમણે આંક–૪૨ ના મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામામાં તેમજ મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ ની પંચ સ્લીપ આંક–૪૩ માં પોતની પંચ નંબર–૦૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે.વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે અને તેમના દ્વારા સદર પંચ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઇ હકીકત જણાવેલ નથી. .

(૧૫).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૩થી આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ, ઠાકોર કિશનજી છનાજી (પી.ડબલ્યુ નંબર–૧૬)ને** તથા **આંક–૫૮થી આરોપીઓની શરીર સ્થીતીના પંચનામાના બીજા પંચ સાહેદ, ઠાકોર દિનેશકુમાર અમરતજી (પી.ડબલ્યુ નંબર–૧૭)ને** તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ વડનગર મુકામે બાઇકનો સામાન લેવા ગયેલ ત્યારે બજાર વચ્ચે તેમની એક તૈયાર પંચનામામાં પોલીસે તેમની

સહીઓ લીધેલ તેમ જણાવી તેમણે આંક–૫૭ ના આરોપીઓની શરીર સ્થીતીના પંચનામામાં પંચ નંબર–૦૧ તરીકે અને પંચ નંબર–૦૨ તરીકે તેમની પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આમ સદર બંન્ને પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહી કરતાં તેમને ફરિયાદપક્ષે વિદ્વાન એડિ. પી. પી. શ્રીની વિનંતીથી વિમુખ થયેલ સાહેદો તરીકે જાહેર કરેલ છે. વિદ્વાન એડિ. પી.પી. શ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માગતાં પરવાનગી આપવામાં આવેલ છે અને તેમના દ્વારા સદર પંચ સાહેદોની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કારી કોઇ હકીકત જણાવેલ નથી.

**સાહેદોની જુબાનીઃ–**

(૧૬)... ફરીયાદપક્ષે સાહેદ **હીનાબેન સોમાજી ઠાકોરને આંક–૧૩ થી** તપાસેલા છે. સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીની કડી ખાતે ભાગ્યોદય હોસ્પીટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ તેણીની કડીથી તેમની નોકરી પુરી કરી સીપોર મુકામે બસસ્ટેશને કલાક ૧૨:૦૦ વાગ્યાના સુમારે ઉતરેલી.ત્યારબાદ તેણીએ તેના ભાણા પ્રતિકસીહને ફોન કરીને કહેલ કે આવીને લઈ જાઓ. તે ફોન તેણીના ભાઈ કિર્તીસીહ એ ઉઠાવેલો. તેણીને લેવા તેઓ આવેલા ત્યારે વિજયસીહ સોમાજી, પ્રવિણસીહ સોમાજી, રમેશજીએ લોકો ત્યા હાજર હતા. તેમનો ભાઈ બાઈક લઈને આવીને ઉભેલો ત્યારે વિજયસીહએ બાઈક નીચે પાડેલુ. ત્યાથી પ્રવિણસીહએ દોડીને આવી તેણીના ભાઈ કિર્તીસીહને ધારીયુ માથામાં મારેલુ. તેણીની ુ બચાવવા માટે વચ્ચે ગઈ તો પ્રવિણજી,વિજયસિહ અને રમેશજીએ તેણીની પાટાનો મા મારેલો. તેણીના ભાઈને વાગેલુ જેથી નીચે પડી ગયેલો અને બેભાન થઈ ગયેલો. ત્યાથી કોઈકે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી. ત્યાથી એમ્બ્યુલન્સ લઈને નીકળેલા ત્યા વચ્ચે તેણીએ તેના ભાઈ નિકુલસીહને ફોન કરેલો કે તુ આવીજા જેથી તેને નવા બસસ્ટેશનેથી વચ્ચેથી લીધેલો. તેમની એમ્બ્યુલન્સ ત્યાથી નીકળેલી અને બાદલપુર પહોચતા આગળ બોલેરો ગાડી આડી પ્રવિણસીહએ કરેલી. એમ્બ્યુલન્સનો દરવાજાનુ લોક તોડી પ્રવિણસીહ, રેખાબેન,પોપટજી આ લોકો ઉપર એમ્બ્યુલન્સમાં ચડી ગયેલા અને તેઓએ ગડદાપાટુનો માર તેણીને તથા તેના ભાઈ કિર્તીસીહ, નિકુલસીહ

ને મારેલો. ત્યા એમ્બ્યુલન્સ ડ્રાઈવરે તથા સ્ટાફનર્સએ તેમને બચાવેલા અને ત્યાથી એમ્બ્યુલન્સ લઈ તેઓ સીવીલ હોસ્પીટલ વડનગર ખાતે પહોચેલા. ત્યા પણ એમ્બ્યુલન્સનો દરવાજો ખોલતા પ્રવિણસીહ,રેખાબેન,પોપટજી,અને રમેશજી આ લોકોએ તેઓને માર મારેલો ત્યા પણ તેઓને સીવીલ ગાર્ડ એ બચાવેલા. ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૧૭).. ઉપરોકત સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે આરોપીઓ પ્રવિણસીહ વિગેરે તેમના ગામના અને સમાજના હોય તેમને ઓળખે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે કડી થી સીપોર તેણીની કયા વાહનમાં આવેલી તેનો ઉલ્લેખ તેમના પોલીસ નીવેદનમાં નથી. પોલીસે તેણીની નીવેદન પંદર તારીખે લીધેલુ. પોલીસે તેમનું નીવેદન વડનગર પો.સ્ટેમાં બે થી અઢી વાગ્યાના સુમારે લીધેલુ. વધુમાં આ સીવાય પણ પોલીસે તેમનું નીવેદન લીધેલ છે. જે મહેસાણા તથા વિસનગર મુકામે લીધેલુ. આરોપી પ્રવિણસિંહ તેમના ગામના અગાઉ સરપંચ હતા તેવું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે આ બનાવમાં વચ્ચે પડતા તેણીને પણ વાગેલુ અને તેણીના કપડા લોહી વાળા થયેલા. આ કપડા પોલીસને બતાવેલા પરંતુ તે કબજે લેવા જરૂર ન હોવાનુ પોલીસે જણાવેલુ. વધુમાં કબુલ રાખેલ છે કે તેણીના પોલીસ નીવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે પ્રવિણસીહએ બોલેરો આડી કરેલી અને દરવાજાનુ લોક તોડી પ્રવિણસીહ, રેખાબેન,પોપટજી આ લોકો એમ્બ્યુલન્સ ઉપર ચડી ગયેલા અને આ લોકોએ તેણીના ભાઈ કિર્તીસીહ અને નીકુલસીહને માર મારેલો. ત્યા એમ્બ્યુલન્સનો દરવાજો ખોલતા ત્યા પણ પ્રવિણસીહ, રેખાબેન, પોપટજીએ માર મારેલો.

(૧૮).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૨થી સાહેદ, ઠાકોર (ડાભી) નિકુંજસિંહ કુબેરજી (પી.ડબલ્યુ નંબર–૧૪)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ સિપોર મુકામે તેમના પરિવાર સાથે રહે છે, તેઓ પાંચ ભાઇ બહેન છીએ. જેમાં સૌથી મોટા મિતાબેન તેનાથી નાના હીનાબેન તથા તેનાથી નાના ભાઇ કિર્તીભાઇ છે તેનાથી નાના મુકેશભાઇ અને સૌથી નાનો તેઓ છે તેઓ ખેતીનું કામ કરે છે, બનાવ આશરે બે થી ત્રણ વર્ષ પહેલા ઉતરાયણના

દિવસે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ખેતરમાં હતો તે સમયે બપોરના બાર વાગ્યાના સુમારે તેમના ઉપર તેમની બહેન હીનાબેનનો ફોન આવેલો અને જણાવેલ કે, તેમને લેવા માટે આવ. જેથી તેમણે કહેલ કે, હુ ખેતરમાં આવેલો છુ જેથી મે ઘરે તેમના ભાણાને ફોન કરેલો અને તેમના ભાણાએ જણાવેલ કે, તે પતંગ ચગાવે છે અને તેણે કહેલ કે, કિર્તીમામાને મોકલુ છુ. પંદરેક મીનીટબાદ ફરીથી તેમની બહેન હીનાબેનનો ફોન આવેલો અને કહેલ કે, પ્રવિણસિંહ સોમાજી, વિજયજી સોમાજી, પોપટજી સોમાજી, રમેશજી વરવાજી તેમણે કિર્તીસિંહ ઉપર ધારીયા વડે હુમલો કરેલ છે. જેથી તેમણે જણાવેલ કે, હુ આવુ છુ. તો મારી બહેને જણાવેલ કે, બસ સ્ટેશને આવ જેથી હુ બસ સ્ટેશને ગયેલો.

**(૧૮.૧)..** વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમણે બસ સ્ટેશને જઈ જોયુ તો તેમના ભાઈ કીર્તીસિંહને માથામાંથી લોહી નિકળતુ હતુ. ૧૦૮ વાન આવતા તેઓ અને તેમની બહેન કિર્તીસિંહને લઇને વાનમાં બેસાડીને વડનગર સિવિલ હોસ્પીટલ જવા નિકળેલા. ત્યારે બાદરપુર મોલ આગળ પ્રવિણસિંહની બોલેરો ગાડી ૧૦૮ વાનની આગળ કરીને વાનને રોકેલી. પ્રવિણસિંહે ૧૦૮ વાનમાં આવવા માટે બળજબરીથી દરવાજો ખોલેલો. પછી કિર્તીસિંહને પ્રવિણસિંહે ગડદાપાટુનો માર મારેલો. ત્યારે ૧૦૮ વાનના સ્ટાફે તેમને છોડાવેલા. ત્યારબાદ કિર્તીસિંહને લઇને વડનગર સિવિલ હોસ્પીટલ જવા નિકળેલા. ત્યા સિવિલમાં પણ વાનમાંથી કિર્તીસિંહને ઉતારતા હતા ત્યારે પ્રવિણસિંહે આ કિર્તીસિંહે ગડદાપાટુનો માર મારેલો. ત્યા તેઓ અને તેમનીબહેન હીનાબેન તથા માતા ભીખીબેન તથા પિતા કુબેરજી હાજર હતા. સિવિલ હોસ્પીટલના સ્ટાફે તેમને છોડાવેલા. તે પછી કિર્તીસિંહને સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા. તેમને અને તેમના પિતાને પણ પ્રવિણસિંહે ગડદાપાટુનો માર મારેલો. આ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમણે આરોપીઓને કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૮.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રવિણસિંહ તેમના ગામના, પુર્વ સરપંચ છે જેથી તેઓ તેમને ઓળખે છે, તેઓ અને આરોપીઓ એક જ જ્ઞાતીના અને એક જ ગામના છીએ. તેમજ તેમણે આ બનાવ બનતા નજરે જોયેલ નથી. ઉલટમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતરમાં હતા તેમજ તેમનું નિવેદન લેવામાં આવ્યુ ત્યા સુધી તેઓ ગામમાં અને ખેતરમાં હતો ક્યાય બહાર ગયેલ નહી. તેમનું નિવેદન પોલીસે ક્યાં, કઇ

તારીખે અને કેટલા મહીના બાદ લીધેલુ તે કહી શકે નહી. તેમજ પોલીસે તેમને કઇ પુછેલુ નહી પણ હીનાબેન અને કિર્તીસિંહે જે કહેલુ તે પોલીસે લખેલુ. એ વાતની તેમને ખબર નથી કે, પ્રવિણસિંહ બનાવ સમયે બનાવવાળા સ્થળે હાજર ન હતા પણ ત્યાથી બે થી ત્રણ કિ.મી.દુર કેનાલ પાસેના ખેતરમાં હતા. એ વાતની તેમને ખબર નથી કે, પ્રવિણસિંહના ભાઇ રમેશજી વરવાજીને કિર્તીસિંહે ગંભીર ઈજાઓ કર્યાનુ જાણીને તેઓ પાછળથી આવેલ.

(૧૯).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૬થી સાહેદ, ઠાકોર પ્રકાશજી પ્રહલાદજી મોધાજી (પી.ડબલ્યુ નંબર–૧૫)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ વડનગર અમથોડ દરવાજે રહે છે અને વડનગર સીવીલ હોસ્પીટલમાં સરવર રૂમ ઈન્ચાર્જ તરીકે સને–૨૦૨૩ માં નોકરી કરતો હતો ત્યારે તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજની ગુનાવાળી જગ્યા વડનગર ના સીવીલ હોસ્પીલ ગેટ નંબર–૦૧ ઉપર ના સી.સી.ટી.વી.ફુટેજ જે તે સ્થીતીમાં હતી તેની સી.ડી. બનાવી તેમણે વડનગર પોલીસેને આપેલી. આ સી.ડી.અંગે ૬૫(બી) નુ શર્ટીફીકેટ તેમણે આપેલ તે સદર કામે આંક–૫૭થી રજુ કરેલ છે.

(૧૯.૧).. બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરીયાદી તેમના ઠાકોર સમાજના છે. કહેવાતો બનાવ બન્યો તે સમયે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા. તેમજ તેમણે રેકર્ડ ઉપરથી સી.ડી.બનાવી આપેલ છે તે સીવાય તેઓ બીજુ કાઈ જાણતો નથી.

(૨૦).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૮૨થી સાહેદ, રબારી કરમણભાઇ રામજીભાઇ (પી.ડબલ્યુ નંબર–૨૨)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ વડનગર ખાતે હોસ્પીટલમાં ઇમરજન્સી ગેટ ઉપર તા.૧૪–૦૨–૨૦૨૩ ના રોજ સીક્યોરીટી ગાર્ડ ઉપર ફરજ પર હતા ત્યારે બપોરાના લગભગ દોઢેક વાગ્યાના સુમારે ૧૦૮ એમ્બ્યુલન્સ વાહન દર્દીને લઇને આવેલ અને ત્યાં ધણા માણસો ભેગા થયેલ હતો અને ત્યાં દર્દીને નીચે ઉતારતી વખતે બીજા લોકોએ તેમની ઉપર હુમલો કરેલ જેથી તેમણે તેઓને છુટા પાડેલા, તેમણે જે લોકોને છુટા પાડેલા તેઓને ઓળખી શકે નહી, પોલીસે તેમનું નિવેદન લીધેલું. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેમનું

નામ સરનામું પુછેલ તેમજ બનાવવાળી જગ્યાએ ધણા બધા માણસો ભેગા થઇ ગયેલ જેથે કોણે શું કહેલું તે તેઓ કહી શકે નહી.

**ફરિયાદીની જુબાનીઃ–**

(૨૧).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૨૩થી ફરિયાદી, ડાભી કીર્તીજી કુબેરજી (પી.ડબલ્યુ નંબર–૦૪)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ મોજે સીપોર ગામે રહે છે અને ડ્રાઈવીંગ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, બનાવ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ બપોરના ૧૨:૩૦ વાગે બનેલો. તેમની બેન હીનાબેન સુરેશજી કડીથી સીપોર આવેલા તેણીએ તેમના ભાણા પ્રતીક વિજયસીંહને ફોન કરેલો જે તેમણે ઉપાડેલો. તેમની બેને તેમને કહેલ કે હું સીપોર બસસ્ટેન્ડ ઉપર ઉભી છું આવીને લઈ જાવ. જેથી તેઓ તેમનું ડીસકવર બાઈક લઈને સીપોર બસસ્ટેન્ડ ઉપર ગયેલો. ત્યાં વિજયસીંહ સોમાજી આવીને તેમને બાઈક ઉપર ધકકો મારેલો તે સમયે સામે પ્રવિણજી સોમાજીએ તેમને લોખંડનું ધારીયુ માથામા જમણા ભાગે મારેલું. ત્યાં સામે પોપટજી ઉર્ફે અમરસીંહ અને રમેશજી વરવાજીએ આવીને તેમને ગડદાપાટું માર મારવા લાગેલા. તે સમયે તેમની બેન હીનાબેન તેમને છોડાવવા વચ્ચે પડતા તેને પણ માર મારેલો તે પછી તેઓ અર્ધ બેભાન થઈ ગયેલ.

(૨૧.૧).. વધુમાં ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ જયારે ભાનમાં આવેલો ત્યારે ૧૦૮ માં હતો તે સમયે તેમની સાથે તેમના ભાઈ નિકુલસીંહ અને હીનાબેન હતા. તે સમયે ૧૦૮માં પણ પ્રવિણસિહં સોમાજીએ તેમને ગડદાપાટુંનો માર મારતા ૧૦૮ ના સ્ટાફે તેમને છોડાવેલો. ત્યાંથી તેમને વડનગર સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. ત્યાં પણ પ્રવિણસિંહ સોમાજી તેમને ગડદાપાટુંનોમાર મારવા લાગેલા. ત્યાં તેમને દવાખાનાના સીકયોરીટી સ્ટાફે છોડાવેલો. ત્યાં દવાખાનાના સી.સી.ટીવી. કેમેરામાં તે કેદ થયેલ છે. પછી તેમને દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાંથી તેમને સારવાર કરીને અમદાવાદ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવાનું કહેલું. પરંતુ તેઓ અમદાવાદ ગયેલા નહિ પરંતુ

કડી ભાગ્યોદય હોસ્પીટલમાં ગયેલા ત્યાં તેમની સારવાર થયેલી. તેમણે ફરીયાદ વડનગર હોસ્પીટલમાં આપેલી. તે જે આ કામે આંક–૨૪ થી રજુ કરેલ છે અને તેમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આરોપીઓને તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ કપડા પણ તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૨૧.૨)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ફરિયાદીની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી અને તેઓ એક જ જ્ઞાતિના અને ગામના હોવાથી એકબીજાને પ્રથમથી જ ઓળખે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોપટજી બહાર રહે છે જેથી તેમને ઓળખતો ન હતો. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પ્રવિણસીંહ સોમાજી સીપોર ગામના પૂર્વ સરપંચ છે. સાહેદએ સ્વેચ્છાએ જણાવેલ છે ક તેમના મકાનો બ્રહમાણીનગરમાં આવેલા છે જયારે આરોપીના ગામમાં મકાન આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની ઉપર કેસ કરેલ છે તે કેસનાં અન્ય આરોપીના મકાનો બ્રહમાણીનગરમાં આવેલા છે. તેઓએ બ્રહમાણીનગરમાં મકાનો પરવાનગીથી બનાવેલ હોવા અંગેનો આધાર આગામી મુદતે રજુ કરવા જણાવેલ છે. એ વાતની તેમને ખબર નથી કે તેમને મકાનો બીન પરવાનગી બનાવેલ હોઈ તે દુર કરવા લેખીત નોટીસો આપેલ છે.

**(૨૧.૩)..** ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સમયે સ્થળ ઉપર હાજર હતા. તેમની અને આરોપીઓ વચ્ચે અગાઉ અદાવત હોવા અંગેની કોઈ હકીકતોનું વર્ણન રેકર્ડ ઉપર કરેલ નથી. ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેઓએ ફરિયાદમાં અર્ધબેભાન થયેલાની હકીકત લખાવેલ નથી. તેઓ જગ્યા ઉપર અર્ધ બેભાન થયેલો ત્યારબાદ ૧૦૮ માં ભાનમાં આવેલો. બસસ્ટેન્ડથી જ ૧૦૮ માં બેસાડેલા. તેમને બસસ્ટેન્ડથી બાઈક ઉપર કોઈ જગ્યાએ લઈ ગયેલાની હકીકત તેમણે જાણેલ નથી. એવું બનેલ નથી કે તેઓ જાતે બાઈક ચલાવીને ૧ કી.મી. ગયેલ હોય. ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બ્રહમાણીનગર અને બસસ્ટેન્ડ વચ્ચે ૧ કી.મી. અંતર છે.

**<u>મેડિકલ એવિડન્સઃ–</u>**

**(૨૨ )..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૨થી ડૉક્ટર, ચિરાગ નારાયણભાઇ અસારી (પી.ડબલ્યુ નંબર–૦૧)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેમણે એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે અને સને ૨૦૧૮થી આજદિન સુધી મેડિકલ ઓફીસર તરીકે જી.એમ.ઈ.આર.એસ જનરલ હોસ્પીટલ વડનગર મુકામે ફરજ બજાવે છે. ગઈ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતો ત્યારે દર્દી નામે ઠાકોર કિર્તીસીહ કુબેરજી, ઉ.વ.આ.–૩૨, રહે. શીપોર, તા.વડનગરવાળાને બપોરના ૦૨:૦૦ કલાકે એમના સગાઓ ધ્વારા એમ્બયુલન્સ મારફતે સારવાર સારુ લાવેલા. દર્દી સભાન અવસ્થામાં હતા.

**(૨૨ .૧)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને હીસ્ટ્રી પુછતાં તેમણે જણાવેલ કે, "તા.૧૪–૦૧–૨૦૨૩ના રોજ બપોરના ૦૧–૦૦ વાગ્યાની આસપાસ શીપોર બસસ્ટેશન પાસે પ્રવિણસીહ સોમાજી ઠાકોરએ ધારીયુ મારેલ છે તથા સીવીલના ગેટ પાસે મારા મારી કરેલ છે ''વધુમાં દર્દીને પુછતા જણાવેલ છે કે દશ મીનીટ સુધી બેભાન થઈ ગયેલા હતા તેવુ જણાવેલ છે ''

**(૨૨ .૨)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, દર્દીને તપાસતા તેઓ સભાન અવસ્થામાં હતા વ્યકિત સ્થળ અને સમય સાથે વાકેફ હતા.દર્દીને તપાસતાંમાથાની જમણીબાજુ પરાઈટલ રીજન ઉપર ૨ ×૦.૫ ×૦.૫ સે.મી નો કપાયેલો ઘા હતો.જેની માર્જીન ચોખ્ખી કપાયેલી હતી અને તેમાથી લોહી આવતુ હતુ. દર્દીને સર્જરી વિભાગના ડોકટરનો અભિપ્રાય લેવામાં આવેલો દર્દીને ડો.વિકાશ મકવાણા ધ્વારા તપાસવામાં આવેલ અને ન્યુરોસર્જન ના અભિપ્રાય માટે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલ. તેમના અભિપ્રાય મુજબ ઉપરોકત ઈજા તાજી હતી અને ધારદાર અને તીક્ષણ હથીયારથી થઈ શકે એવી હતી. આ કામે આંક–૧૩ થી મેડિકલ સર્ટીફીકેટ, આંક–૧૪થી દર્દીના ઓપીડી કેસ

પેપર્સ તથા રીફર ચીટ રજુ કરેલ છે.

**(૨૨ .૩)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઉપરોકત દર્દી નંબર–૦૧ જે સમયે અને તારીખ એ આવેલા તેજ સમયે દર્દી નામે હીનાબેન કુબેરજી ડાભી ઉવ.૩૪ રહે.શીપોર,તા.વડનગર,જીમહેસાણા વાળાને પણ તેમના સગા ૧૦૮ એમ્બયુલન્સમાં લાવેલા. તેમને પુછતા તેણીએ મારા મારીની હકીકત જણાવેલી તેમની હીસ્ટ્રી મુજબ તા.૦૧–૦૩–૨૦૨૩ ના રોજ બપોરે ૦૧–૦૦ વાગ્યાની આસપાસ રેખાબેન પ્રવિણસીહ ડાભીએ મારામારી કરેલ છે તથા ગડદાપાટુનો માર મારેલ છે.દર્દીને તપાસતા તે સભાન અવસ્થામાં હતી અને વ્યકિત સ્થળ અને સમય સાથે વાકેફ હતા.તેણીને તપાસતા નીચે મુજબની ઈજા માલુમ પડેલી. ડાભી બાજુના ફોરઆર્મ (કોણી અને કાડાની વચ્ચેના ભાગે) બહારની બાજુએ ૩ ×૦.૫ સે.મી લાલ રંગનો ઘસરકો થયેલ હતો.મારા અભિપ્રાય મુજબ ઉપરોકત ઈજા સામાન્ય પ્રકારની તાજી તથા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. આ કામે આંક–૧૫ થી મેડિકલ સર્ટીફીકેટ, આંક–૧૬ અને આંક–૧૭ થી ઓપીડી કેસ પેપર્સ તથા ડીસ્ચાર્જ કાર્ડ રજુ કરેલ છે

**(૨૨.૪)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ડૉક્ટરશ્રી ચિરાગ અસારીની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીની સાથે કેટલાક સગા સંબંધીઓ પણ આવેલા હતા. તેમના કલીનીકલ એકઝામીનેશન મુજબ બન્ને દર્દીને થયેલ ઈજા સામાન્ય કહી શકાય.સાહેદ સ્વેછાએ જણાવેલ છે કે ચોકકસ અભિપ્રાય દર્દી કિતીસીહ માટે ન્યુરોસર્જન આપી શકે. બન્ને દર્દીઓના વાઈટલસ બરાબર હતા. ડૉક્ટરશ્રીએ કબુલ રાખેલ છે કે મેડીકલ શર્ટીફીકેટમાં જણાવેલ ઈજા જોતા લોસ ઓફ કોન્સીએસ માટે પુરતી નથી. દર્દીનુ ડેરીલીયમ ડિસ્ટર્બ ન થયેલ હોય તો લોસ ઓફ કોન્સીઅસ ન થઈ શકે નહી તે તેઓ ચોક્કસ કહી શકે નહી.

**(૨૨.૫)..** તેમણે વધુમાં કબુલ રાખેલ છે કે દર્દીને થયેલ ઈજા કોઇ કોમ્પલીકેશન ન થાય તો જાતે મટી શકે તેવી હતી. દર્દીએ જણાવેલ લોસ ઓફ કોન્સીઅસનેસ

અંગેની હિસ્ટ્રી કાલ્પનીક પણ હોઈ શકે. બન્ને દર્દીઓ સર્જીકલ માટે રીફર થયા બાદ ફોલોઅપ માટે આજદિન સુધી તેમની પાસે આવ્યા હોય તેવુ બનેલ નથી. બન્ને દર્દીઓને થયેલ ઈજા જો તેઓ દોડવા જાય અને પડી જાય તો તેમને કાચ અગર તો પથ્થર ના સપર્કમાં આવે તો આવી ઈજા થઈ શકે.

**(૨૩)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૨૭થી ડૉક્ટર, વિશ્વાસ કાનજીભાઈ ચૌધરી (પી.ડબલ્યુ નંબર–૦૫)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ જનરલ હોસ્પીટલ વડનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે દર્દી નામે કુબેરજી ભીખાજી ઠાકોર રહે.સીપોરનાને પોતાની જાતે તેમને ત્યા બપોરના ૦૩:૩૦ વાગ્યે આવેલા. તેઓને પુછતા હિસ્ટ્રી આપેલ કે વડનગર હોસ્પીટલની સામે બપોરના ૦૨:૦૦ વાગ્યે પ્રવિણસીહ સોમાજી ઠાકોરે લાકડીથી જમણા હાથ અને ડાબા ઘુટણ ઉપર માર મારેલો તથા માથાના ભાગે લાકડીથી માર મારેલો. દર્દી આવ્યા ત્યારે સંપુર્ણ ભાનમાં હતા અને તે સમય અને સ્થળથી પરીચીત હતા.

**(૨૩.૧)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમને તપાસતાં (૧).જમણા હાથે સુજન હતી. (૨) ડાબા ઘુટણ પર સુજન હતી.દર્દીનો એક્ષરે લેતા કોઈ ફ્રેકચરના ચીન્હો જોવા મળેલ નહી. આ કામે **આંક–૨૮**થી મેડિકલ સર્ટી રજુ કરેલ છે.

**(૨૩.૨)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તે જ દિવસે તેમની સાથે દર્દી નામે કાન્તાબેન કુબેરજી ડાભી રહે.સીપોરના તેમના સગાઓ મારફતે લાવવામાં આવેલા તેઓને પુછતા હિસ્ટ્રી આપેલ કે વડનગર હોસ્પીટલની સામે બપોરના ૦૨:૦૦ વાગ્યે પ્રવિણસીહ સોમાજીએ લાકડીથી માર મારેલ. તેઓને તપાસતા (૧).૪×૩ સે.મી.નુ લાલ ચકામુ ડાબા ખભા ઉપર હતુ. આ કામે **આંક–૨૯**થી મેડિકલ સર્ટી રજુ કરેલ છે.

**(૨૩.૩)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ડૉક્ટરશ્રી વિશ્વાસ ચૌધરીની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બન્ને દર્દીની સાથે તેમના સગાઓ પણ હતા. દર્દીની સાથે તેના સગાઓએ પણ તેમને દર્દીને શુ તકલીફો છે તેની તેમને જાણકારી આપેલી. બન્ને દર્દીને થયેલ ઈજા સાદી હતી. બન્ને દર્દીને થયેલ ઈજા જેવી ઈજા રોડ ઉપર દોડા દોડી માં પડી જવાથી થઈ શકે તેવી હતી. બન્ને દર્દીને તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ તાત્કાલીક સારવાર આપી ડીસ્ચાર્જ કરવામાં આવેલા ત્યારબાદ સદર દર્દીઓને ફોલોઅપ માટે આવવુ પડેલ હોય તેવુ બનેલ નથી.

**(૨૪)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૫થી ડૉક્ટર, યશ કાન્તીલાલ પટેલ (પી.ડબલ્યુ નંબર–૧૧)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેમણે એમ.એસ.જનરલ સર્જન સુધીનો અભ્યાસ કરેલ છે અને તેઓ ભાગ્યોદય મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ કડી ખાતે તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે હાજર હતો ત્યારે સાંજના ૦૫–૪૮ મિનિટે દર્દી નામે ડાભી કિર્તીસિંહ કુબેરસિંહ ડાભી રહે– સિપોર નાને વડનગર સિવિલ હોસ્પીટલની ટ્રાન્સફર ચીટ સાથે લઇને આવેલા. દર્દીને તપાસતા દર્દીને સિપોર ગામના બસ સ્ટેન્ડની પાસે બપોરે એક વાગે ત્રણ અજાણ્યા માણસોએ ધારીયા જેવા હથીયારથી હુમલો કરી માથામાં ઈજાઓ કરેલ છે. દર્દીને વડનગર સિવિલ હોસ્પીટલમાંથી પ્રાથમિક સારવાર લઈ માથામાં ટાકાં લઈને આવેલ હતા. જેથી અમારી હોસ્પીટલમાં દર્દીનુ સીટી સ્કેન માથાનો કરવામાં આવેલો. જેમાં બહારના વાગે ત્રણ અજાણ્યા માણસોએ ધારીયા જેવા હથીયારથી હુમલો કરી માથામાં ઈજાઓ કરેલ છે. જેમાં બહારના ભાગે સોજો આવેલાનુ તથા દર્દીને અંદરના ભાગે કોઇ ઈજા માલુમ પડેલ નહી આ અંગેનુ મેડીકલ સર્ટીફીકેટ આપેલ. જે આ કામે આંક–૪૬થી રજુ કરેલ છે.ગે સોજો આવેલાનુ તથા દર્દીને અઁદરના ભાગે કોઇ ઈજા માલુમ પડેલ નહી આ અંગેનુ મેડીકલ સર્ટીફીકેટ આપેલ. જે આ કામે આંક–૪૬થી રજુ કરેલ છે.

**(૨૪.૧)..** બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ડૉક્ટરશ્રી યશ પટેલની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી જાતે હોસ્પીટલ આવેલા. દર્દી સાથે અન્ય કોઇ આવેલ ન હતુ. એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની રુબરુ આપેલ હિસ્ટ્રીમાં દર્દીએ ત્રણ અજાણ્યા ઈસમો જણાવેલુ પરંતુ કોઇનુ નામ આપેલ નથી. તેમણે તપાસેલ દર્દીની

ઈજા સામાન્ય હતી. ઘણા માણસો ભેગા થાય અને ઝપાઝપી થાય અને પડી જાય તો તેમણે તપાસેલ દર્દીને થયેલ ઈજા મુજબની ઈજા થઇ શકે. આંક ૪૬થી રજુ કરેલ સર્ટીફીકેટમાં લાઇન નંબર ૦૩માં જે હેડ શબ્દ લખેલ છે તે પાછળથી લખેલ છે તેની ઉપર તેમની કોઇ ઇનીશીયલ કરેલ નથી.

(૨૫).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૭થી ડૉક્ટર, અંકીતકુમાર જ્યંતીભાઇ પટેલ (પી.ડબલ્યુ નંબર–૧૨)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ મહેસાણા વાઈબ્રન્ટ હોસ્પીટલમાં ન્યુરોસર્જન તરીકે ફરજ બજાવતો હતો. તે દિવસે દર્દી નામે રમેશજી વરવાજી ઠાકોર ઉ.વ.૪૫ ને અમારી હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર વિભાગમાં બપોરના કલાક ૨:૩૦ વાગ્યે સારવાર માટે લાવવામાં આવેલ હતા.દર્દીના કહેવા મુજબ તેમના ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ ઉપર ધારીયા અને પાઈપ ધ્વારા ટોળાએ હુમલો કરેલ હતો.જે બનાવ અંદાજે બપોરના ૦૧:૧૫ વાગ્યે તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ સીપોર મુકામે બનેલાની હીસ્ટ્રી આપેલી.

(૨૫.૧).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઈજા પછી દર્દીને થોડીક ક્ષણો માટે બેભાન થવાની ફરીયાદ હતી.નાકમાંથી લોહી આવવુ અને ડાબા હાથે ઈજાની ફરીયાદ હતી.પ્રાથમીક સારવાર વડનગર જી.એમ.ઈ.આર.એસ હોસ્પીટલમાં કરવામાં આવેલ હતી. અને ત્યાથી આગળની સારવાર અર્થે વાઈબ્રન્ટ હોસ્પીટલમાં રીફર કરવામાં આવેલ હતા.દાખલ થવાના સમયે દર્દીને તપાસમાં જમણીબાજુ પરાઈટલ રીજીયનમાં અંદાજે આઠ સે.મી.સાઈઝનો ટાંકા લીધેલો ઘા હતો.ડાબા હાથે સોજો અને ડીફોરમીટી હતી.ડાબા હાથની રેન્જ ઓફ મુમેન્ટ પેઈન ફુલ હતી.ડાબા હાથે ઈજાના ભાગે અડવાથી દુખાતુ હતુ,અને ક્રેપીટેશન આવતા હતા.ડીસ્ટલ ન્યુરો વાસ્કુલર ડેફીસીટ ન હતી.

(૨૫.૨).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, માથાનો સીટી સ્કેન કરાવતા તેમા કોઈ એબ્નોરમાલીટી જણાઈ ન હતી.ડાબા હાથના એક્ષરેમાં લેફટ મીડ શાફટ ઓફ હ્યુમરસ માં ફેકચર હતુ. મગજની ઈજા માટે દર્દીને દવાઓ ધ્વારા ઈ લાજ કરવામાં આવેલ હતો.હાથના ફેકચર માટે ડોકટર

નીશાંત ચૌધરી ઓર્થોપીડીક સર્જન ધ્વારા ઓપરેશન કરવામાં આવેલ હતુ. જે ઓપરેશન ઈન્ટરનલ ફીકસેશન વીથ પ્લેટ પ્રકારનુ હતુ. દર્દીને તા.૧૯–૦૧–૨૦૨૩ ના રોજ સારવાર પછી ડીસ્ચાર્જ કરવામાં આવેલા. ઉપરોકત દર્દીને જે ઈજાઓ થયેલી તે ધારીયા અને પાઈપ જેવા હથીયારથી થઈ શકે. આ કામે આંક–૪૮થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે.

(૨૫ .૩).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દિવસે દર્દીના નામે વિજયસીહ સોમાજી ડાભી ને પણ અમારી હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર વિભાગમાં બપોરના કલાક ૨:૩૦ વાગ્યે સારવાર માટે લાવવામાં આવેલ હતા. દર્દીના કહેવા મુજબ તેમના ઉપર માથાના ભાગે તથા ડાબા હાથ ઉપર પાઈપ અને ધારીયા તથા બરડાના ભાગે ધારીયા વડે ટોળાએ હુમલો કરેલ હતો.જે બનાવ અંદાજે બપોરના ૦૧:૧૫ વાગ્યે તા.૧૧–૦૧–૨૦૨૩ ના રોજ સીપોર મુકામે બસસ્ટેશન પાસે બનેલાની હીસ્ટ્રી આપેલી. ઈજા પછી દર્દીને બેભાન થવાની, નાકમાંથી તથા ડાબા કાનમાંથી, માથાના ભાગે વાગેલા ઘા માંથી બ્લીડીંગની હીસ્ટ્રી હતી.પ્રાથમીક સારવાર વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે લેવામાં આવેલ હતી અને પછી વાઈબ્રન્ટ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવેલ હતા.

(૨૫.૪).. વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, દાખલ સમયે તપાસમાં દર્દી પુર્ણ સભાન અવસ્થામાં ન હતા.બન્ને આંખની કીકી નોર્મલ સાઈઝ અને રીએકશન માં હતી.દર્દીનુ જી.સી.એસ–ઈ(૩)–વી(૩)–એમ(૫) હતુ,જેનો અર્થ એવો થાય છે કે દર્દી બોલાવવાથી આંખ ખોલતા હતા મોઢાથી શબ્દો બોલતા હતા અને પેઈનફુલ સ્ટીમ્યુલસ ને રીસ્પોન્સ આપતા હતા .બન્ને તરફના હાથ પગની મુવમેન્ટ થતી હતી. દર્દીનુ પલ્સ રેટ ૧૧૩/ મીનીટ હતુ,બી.પી. ૧૨૦/૮૦એમ.એમ.એચ.જી હતુ. લોકલ એકઝામીનેશનમાં ઈનકમ્પલીટ ટાંકા લીધેલાનો ઘા હતો.જે ડાબા ટેમ્પોરો પરાઈટો ઓકસીપીટલ રીજીયનમાં હતો,અંદાજે ૯ સે.મી.લાંબો અર્ધચંન્દ્રાકાર આકારનો ઘા હતો.માથાનો સીટીસ્કેન કરવામાં આવ્યો જેમા ડાબા ઓકસીપીટલ બોનમાં કોમ્યુનીટેડ ફ્રેકચર વીથ અન્ડર

લાઈંગ ઈ.ડી.એચ.વીથ ન્યુમોક્રેનીયમ વીથ એસ.એ.એચ.હતુ.ડાબા હાથની ઈજામાં ફ્રેકચર શાફટ હુમરસ હતુ.

**(૨૫.૫)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, દર્દીને જેને ડોકટર નીશાંત ચૌધરી ધ્વારા તા.૨૦–૦૧–૨૦૨૩ ના રોજ ઓપન રીડકશન એન્ડ ઈન્ટરનલ ફીકસેશન કરવામા આવેલ હતુ.માથાની ઈજા માટે દર્દીને દવા ધ્વારા ઈલાજ કરવામાં આવેલ હતુ.દર્દીને તા.૦૬–૦૨–૨૦૨૩ ના રોજ હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા.દર્દીને થયેલ ઈજા પાઈપ અને ધારીયા ધ્વારા થઈ શકે તેવી હતી. આ કામે આંક–૪૯થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે.

<u>**એમ્બ્યુલન્સના ડૉક્ટરનો પુરાવોઃ–**</u>

**(૨૬)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૩થી ડૉક્ટર, ચૌહાણ નીલમબેન રમેશભાઈ (પી.ડબલ્યુ નંબર–૦૭)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેણી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ડોકટર તરીકે ફરજ બજાવે છે, તેણીએ નર્સીંગનો કોર્ષ કરેલ છે. તેણી છેલ્લા ૧૩ વર્ષથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવે છે, ગઈ તા.૧૪–૦૨–૨૦૨૩ ના રોજ તેણી વડનગર મુકામે જી.એમ.ઈ.આર.એસ.હોસ્પીટલમાં ફરજ ઉપર હાજર હતી. તે સમયે ઈમરજન્સીમાં આશરે બપોરના ૦૧:૧૩ મીનીટ જેટલા સમયે કોલ આવેલ. કોલમાં એવુ જણાવેલ કે સીપોર ગામે એસોલ્ટનો કેસ આવેલ છે જેથી તુરંત જ સાયરન વાગતા તેઓ સીપોર જવા નીકળેલા. જે વ્યકિતએ કોલ કરેલો તેને કોલ કરેલો અને જે દર્દીને ઈજા થયેલ છે તેને કયા શુ ઈજા થયેલ છે તે અંગે પુછેલુ.

**(૨૬.૧)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઉપરોકત વાત થયા બાદ તેઓ સીપોર ગામે ૧૦૮ એમ્બ્યુલન્સમાં પહોચેલા તે સમયે તે લોકો દર્દીને લઈ સીપોર ગામે સામે આવેલા. જેથી એમ્બ્યુલન્સમાંથી ઉતરી દર્દી અંગે તપાસ કરેલી અને તેમને એમ્બ્યુલન્સમાં બેસાડી હોસ્પીટલ જવા નીકળેલા. તેઓ આશરે બાદલપુર ગામ પહોચેલા ત્યારે તેણી એમ્બ્યુલન્સમાં દર્દી જોડે તેની ટ્રીટમેન્ટ માટે પાછળ બેઠેલ હતી. ત્યારે તેમના એમ્બ્યુલન્સના

ડ્રાઈવર/પાયલોટએ એમ્બ્યુલન્સ ઉભી રાખેલી આ એમ્બ્યુલન્સ કોઇકે રોકેલી જેથી ઉભી રાખેલી. જેથી તેમના ડ્રાઈવરે અને તેમણે એમ્બ્યુલન્સ ઉભી રખાવનારને કહેલ કે દર્દી અંદર છે તમો એમ્બ્યુલન્સ ઉભી રખાવી શકો નહી. જેથી તેઓએ તુરતંજ કહેલ કે ઓકે જવાદો જેથી એમ્બ્યુલન્સ ડ્રાઈવરે વડનગર સીવીલ હેસ્પીટલ ગયેલા.

**(૨૬.૨)..** વધુમાં ડૉક્ટરશ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, એમ્બ્યુલન્સ વડનગર સીવીલ હોસ્પીટલમાં પહોચી ત્યારે જેવા તેમના ડ્રાઈવર નીચે ઉતરે અને પાછળનો દરવાજો ખોલે તે સમયે બધા આવી ગયેલા અને જપાજપી કરવા લાગેલા. આ લોકો દર્દી અને એક મહીલા હતા તેની સાથે જપાજપી કરવા લાગેલા. જેથી હોસ્પીટલના સીકયોરીટી ગાર્ડએ વચ્ચે પડી છુટા પાડેલા. તે પછી દર્દીને હોસ્પીટલમાં સીફ્ટ કરેલા. જપાજપી કરનાર વ્યકિતઓને બે વર્ષ જેટલો સમય થયેલ હોય તેઓને ઓળખી શકે નહી પોલીસે તેમનું નિવેદન લીધેલું. ઉલટમાં તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામું પુછેલ તિ સિવાય બીજું કંઇ પુછેલ નહી.

<u>**એમ્બ્યુલન્સના પાયલોટનો પુરાવોઃ–**</u>

**(૨૭)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૪થી પાયલોટ, રાઠોડ ધનપાલસિંહ નિર્મલસિંહ (પી.ડબલ્યુ નંબર–૦૮)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સમાં પાયલોટ તરીકે ફરજ બજાવે છે, તેમણે ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ છેલ્લા ૧૧ વર્ષથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવે છે ગઈ તા.૧૪–૦૨–૨૦૨૩ના રોજ તેઓ વડનગર મુકામે જી.એમ.ઈ.આર.એસ.હોસ્પીટલ માં ફરજ ઉપર હાજર હતી. તે સમયે ઈમરજન્સીમાં આશરે બપોરના ૦૧:૧૩ મીનીટ જેટલા સમયે કોલ આવેલો.કોલમાં એવો મેસેજ મળેલ કે સીપોર ગામે એસોલ્ટનો કેસ આવેલ છે જેથી તુરંતજ અમો સીપોર જવા નીકળેલા.બસ સ્ટેશન આગળ સીપોર ગામે પહોચતા તે સમયે તે લોકો દર્દીને લઈ સીપોર ગામે બસ સ્ટેશન ઉપર આવેલા. જેથી અમો એમ્બ્યુલન્સમાં દર્દીને લઈ વડનગર સીવીલ હોસ્પીટલ જવા નીકળેલા.

(૨૭.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમની એમ્બ્યુલન્સ બાદરપુર ગામ પાસે પહોચતા અમારી એમ્બ્યુલન્સ ઉભી રખાવેલી. તેમની એમ્બ્યુલન્સ બેથી ત્રણ માણસો હતા તેઓએ ઉભી રખાવેલી. જેથી તેમણે કહેલ કે દર્દી અંદર છે તમો એમ્બ્યુલન્સ ઉભી રખાવી શકો નહી. જેથી તેઓએ એમ્બ્યુલન્સ જવા દેવા કહેતા તુરતં જ વડનગર સીવીલ હોસ્પીટલે ગયેલા. તેમની એમ્બ્યુલન્સ વડનગર સીવીલ હોસ્પીટલમાં પહોચી ત્યારે જેવા નીચે ઉતરી અને પાછળનો દરવાજો ખોલતો હતો તે સમયે સીકયોરીટી વાળાએ દરવાજો ખોલી નાખેલો અને તે સમયે દર્દીના સગા સંબંધીઓ આવેલા હતા. તે સમયે દર્દી ના સગા અને સામાવાળા વચ્ચે જપાજપી થયેલી. જેથી સીકયોરીટી વાળા આવી ગયેલા અને અમો દર્દીને સ્ટેચર ઉપર દર્દીને ઈમરજન્સીમાં સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલો. તેઓ આ સીવાય બીજુ કાઈ જાણતો નથી. દર્દી સાથે જપાજપી કરનારને તેઓ ઓળખી શકે નહી, પોલીસે તેમનું નિવેદન લીધેલું.

(૨૭.૨).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા પાયલોટની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ હોસ્પીટલમાં પહોચ્યા ત્યારે આગળ હતો અને જે લોકો આવેલા તે એમ્બ્યુલન્સની પાછળના ભાગે હતા જેથી તેઓને જોયેલા નહી. પોલીસે માત્ર તેમનું નામ સરનામુ અને હોદો પુછેલુ તે સીવાય બીજુ કાઈ પુછેલ નહી અને તેમણે કંઈ પોલીસને જણાવેલ નહી.

<u>**સર્કલ ઓફીસરનો પુરાવોઃ–**</u>

(૨૮).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૬થી સર્કલ ઓફીસરશ્રી, ચૌધરી ભાવીનકુમાર કાનજીભાઇ(પી.ડબલ્યુ નંબર–૦૯)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ સને–૨૦૨૩માં સર્કલ ઓફીસર તરીકે વડનગર ખાતે ફરજ બજાવતો હતો ત્યારે વડનગર પો.સ્ટે ગુ.રજી. નંબર–૧૧૨૦૬૭૩૨૩૦૦૨૯/૨૦૨૩ ના કામે સ્થળ સ્થીતીનુ નકશો બનાવવા સારુ

રીપોર્ટ આવતા તેમણે સ્થળ ઉપર જઈ તા.૨૪–૦૩–૨૦૨૩ ના રોજ કલાક ૧૨:૪૦ વાગ્યે શરુ કરી કલાક ૧૨:૫૦ વાગ્યે પુરુ કરેલ. સદર પંચોની હાજરીમાં નકશો બનાવેલ જે તેઆંક–૩શ૭થી રજુ કરેલ છે અને તેમાં તેમની તથા પંચો ની સહીઓ તેમણે ઓળખી બતાવેલ છે. તેમણે સીપોર ગામે જઈ બનાવવાળુ સ્થળ જોતા ગામના પાદરે બનાવવાળી જગ્યા સીપોર થી વડનગર તરફ જતા પાકા રોડ ઉપર આવેલ હતી.જે જગ્યાના હદખુટમાં ઉત્તરે સીપોર પ્રાથમીક શાળા–૧ તથા દક્ષિણે બસસ્ટેશન અને પુર્વ બાજુ આશાપુરા પાર્લર અને પશ્ચીમે બાદરપુર તરફ જતો પાકકો રસ્તો આવેલ હતો જે ચાર હદખુટ વચ્ચે બનાવવાળી જગ્યા આવેલ હતી જે નકશામાં અમોએ બતાવેલ છે જે તે જ છે.

(૨૮.૧).. બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સર્કલ ઓફીસરની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેમણે હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેઓ બનાવવાળી જગ્યાના સ્થળ ઉપર ગયેલ નથી તેમજ તેમણે બનાવવાળી જગ્યાનો નકશો તેમની બેસીને તૈયાર કરેલ છે.

**<u>વિડિયોગ્રાફી અને સીડી તૈયાર કરનાર સાહેદનો પુરાવોઃ–</u>**

(૨૯).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૮૦થી વિડિયોગ્રાફી અને સીડી તૈયાર કરનાર, પ્રવિણભાઈ રણછોડભાઈ સુથાર (પી.ડબલ્યુ નંબર–૨૦)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ મોજે વડનગરમાં આર.કે.સ્ટુડીયો ધરાવે છે અને વડનગર પોલીસ સ્ટેશનથી તેમને બનાવવાળી જગ્યાના મોબાઈલ ફોનમાંથી મોબાઈલના ડેટા કેબલ વડે લઈ તેની વોટ્સએપમાંથી પ્રિન્ટ કાઢવા તથા વીડીયો કાઢવા સારુ બોલાવેલો જેથી તેમણે તે કામે વીડીયોગ્રાફીની સી.ડી. બનાવીને આપેલી. તે કામે કર્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ. જે પ્રમાણપત્ર આ કામે આંક–૭૩થી રજુ કરેલ છે. તેમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૨૯.૧).. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વડનગર પોલીસે તેમને ફોટોગ્રાફી તથા વીડીયોગ્રાફીનો ડેટા વોટ્સઅપ ઉપર મોકલેલો. એ વાત ખરી છે

કે, આ ડેટા પોલીસે કેવી રીતે એકઠો કરેલો તે તેઓ કહી શકે નહી. પોલીસે એકઠા કરેલ ડેટામાં તેઓએ કોઇ ટેમ્પરીંગ કર્યું હોય તે અંગે તેઓ કહી શકે નહી. પોલીસે જે ડેટા ઓરીજનલ ઉપકરણમાં મેળવેલા તે ઓરીજનલ ઉપકરણ તેમને પોલીસે આપેલ નથી. પોલીસે તેમને જે ડેટા વોટ્સએપ ઉપર મોકલેલો તે ઉપરથી તેમણે સી.ડી. બનાવી આપેલ છે. પોલીસ ૬૫ બીનુ સર્ટીફીકેટ તૈયાર કરીને લઇ આવેલી તેમાં તેમણે સહી કરેલી. પોલીસ ૬૫ બીના સર્ટીફીકેટમાં શુ લખીને લાવેલી તે તેમણે વાંચેલ નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ–</u>**

(૩૦).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૪થી એ.એસ.આઇ., આશિષકુમાર મહેન્દ્રભાઇ (પી.ડબલ્યુ નંબર–૧૮)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે તેમને પી.એસ.ઓ. તરફથી વર્ધી આપવામાં આવેલી કે, દવાખાનામાં દર્દી નામે કુબેરજી ભીખાજી દાખલ થયેલ છે તે ઘટતી કાર્યવાહી કરવી. ત્યારબાદ પી.એસ.ઓ.ના હુકમ આધારે વડનગર સિવિલ હોસ્પીટલ જઇ ડાભી કિર્તીસિંહ કુબેરજીની તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખેલી અને તેઓને વાંચી સંભળાવેલી જે હકીકત બરાબર અને ખરી હોઇ નીચે તેમની સહી લીધેલી. તેમજ રુબરુમાં તેમની સહી ફરીયાદમાં છે જે ફરિયાદ આ કામે આંક–૨૪થી રજુ કરેલ છે. ત્યારબાદ તેમણે ફરીયાદ લઇ પી.એસ.ઓને ગુનો રજીસ્ટર કરવા સારુ રીપોર્ટ કરેલો. આ કામે આંક–૬૫થી ગુનો રજી. કરવાનો હુકમ તથા દવાખાનાની વર્ધી તથા તપાસ ડેપ્યુટ કરેલ જે આ કામે અનુક્રમે આંક–૬૬, આંક–૬૭ અને આંક–૬૮ થી રજુ કરેલ છે.

(૩૦.૧).. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સિવિલ હોસ્પટીલમાં દર્દી પાસે ગયા ત્યારે ત્યા તેમના ઘણા સંબંધીઓ હાજર હતા. તેમણે ફરીયાદ કેટલા વાગે લીધેલી તે મોઢે યાદ નથી. ફરીયાદ જોઇ જણાવેલ છે કે, ફરીયાદ કલાક ૧૫.૩૦ વાગ્યાની આજુબાજુ લીધેલી.

(૩૧).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૯થી પી.આઇ. ચિરાગ બાબુભાઇ ગામીત (પી.ડબલ્યુ નંબર–૧૯)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ તા.૧૭–૦૧–૨૦૨૩ ના રોજ વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે પોલીસ અધીક્ષક સાહેબ

મહેસાણાના હુકમ અનુસાર સદર ગુનાની તપાસ એ.એસ.આઇ. શ્રી એ.એમ. પટેલનાઓ પાસેથી સંભાળી લીધેલ. ત્યારબાદ અમોએ પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. ત્યારબાદ આરોપીને અટક કરેલા. આરોપીઓના શરીર સ્થીતીના પંચો રુબરુ પંચનામા કરી મુદ્દામાલ કબજે કરેલો. તેમજ સદર કામે મેડીકલ સર્ટીફીકેટ આવતા કામે સામેલ રાખેલો. તેમજ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલો.તેમજ ગુનાવાળી જગ્યાનુ એફ.એસ.એલ. અધિકારી દ્રારા સ્થળ પરીક્ષણ કરાવેલ. તેમજ સદર કામે એફ.આઇ.આરમાં ગુનાનો કલમ વધારાનો રીપોર્ટ કામે સામેલ રાખેલો. તેમજ બનાવવાળી જગ્યાનો નકશા માટે રીપોર્ટ કરેલો અને ડી.વી.ડી. કામે સામેલ રાખેલ. તેમજ પુરવાની કલમ ૬૫ બીનુ સર્ટીફીકેટ મેળવીને તથા ફોટો ગ્રાફ્સ તપાસના કામે સામેલ રાખેલા. ત્યારબાદ અમારી બદલી થતાં આગળની વધુ તપાસ પી.આઇ. શ્રી એન.આર.વાઘેલાને સોપેલી. તેમણે આરોપીને કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ કામે આંક–૭૦ અને આંક–૭૧થી આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં કરેલ નોધ, આંક–૭૨થી કલમ વધારાનો રીપોર્ટ, આંક–૭૩થી કલમ–૬૫ બીનું પ્રમાણપત્ર, આંક–૭૪થી આંક–૭૬ સુધી એફ.એસ.એલ.ના ફોર્વર્ડીંગ લેટર તથા મુદ્દામાલ રવાનગી નોંધ તથા એફ.એસ.એલ.નો પરીક્ષણ રીપોર્ટ, આંક–૭૭ થી જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીનુ બનાવ સમયે હથીયારબંધીનુ જાહેરનામાની નકલ, આંક–૭૮ થી સુથાર પ્રવિણભાઇ રણછોડભાઇ જે વડનગર આર.કે.સ્ટુડીયો ચલાવે છે તેમના દ્રારા પાડવામાં આવેલ બનાવ સ્થળનો ફોટોગ્રાફ, આંક–૭૯થી ડી.વી.ડી.રજુ કરેલ છેક–૭૬ સુધી એફ.એસ.એલ.ના ફોર્વર્ડીંગ લેટર તથા મુદ્દામાલ રવાનગી નોંધ તથા એફ.એસ.એલ.નો પરીક્ષણ રીપોર્ટ, આંક–૭૭ થી જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રીનુ બનાવ સમયે હથીયારબંધીનુ જાહેરનામાની નકલ, આંક–૭૮ થી સુથાર પ્રવિણભાઇ રણછોડભાઇ જે વડનગર આર.કે.સ્ટુડીયો ચલાવે છે તેમના દ્રારા પાડવામાં આવેલ બનાવ સ્થળનો ફોટોગ્રાફ, આંક–૭૯થી ડી.વી.ડી.રજુ કરેલ છે

**(૩૧.૧)..** ઉલટમાં પી.આઇ.શ્રીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ શરુ કરતા પહેલા ફરીયાદ અને મેડીકલ સર્ટીફીકેટનો અભ્યાસ કરેલ. ફરીયાદીને બનાવવાળી જગ્યાએથી ૧૦૮માં સિવિલ હોસ્પીટલ લઇ ગયેલા. ફરીયાદી બેભાન થઇ ગયેલા. ફરીયાદીને બનાવવાળી જગ્યાએથી દોઢ કી.મીના અંતરે આવેલ જગ્યાએથી ૧૦૮માં લઇ ગયેલાનુ તેમને ખબર નથી. તપાસના કાગળો જોઇ જણાવેલ છે કે, કિર્તીસિંહ કુબેરસિંહને બ્રહ્માણીનગરના નાકેથી ૧૦૮માં બેસાડવામાં આવેલ છે. બ્રહ્માણીનગરના નાકેથી બનાવવાળુ સ્થળ એક કી.મી. દુર છે. તેમજ આરોપી

પ્રવિણસિંહ ગામના પુર્વ સરપંચ છે અને ગામની સહકારી મંડળી તથા ડેરીમાં પ્રમુખ મંત્રીના હોદ્ધા પર રહેલ છે તથા સામાજીક આગેવાન છે. ઉલટમાં એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, બનાવ સમયે આ પ્રવિણસિંહ બનાવવાળી જગ્યાએથી ત્રણ થી ચાર કિ.મી.દુર આવેલ કેનાલવાળા ખેતરમાં હતા. એ વાત ખરી છે કે, મારી તપાસમાં એ ખુલવા પામેલ કે, રમેશજી વરવાજી , અમરસિંહ પોપટજી, વિજયસિંહ ને ફરીયાદી તથા તેમની સાથેના માણસોએ ગંભીર ઈજાઓ પહોચાડેલી. એ વાત ખરી છે કે, વિજયસિંહ સોમાજી બેભાન થઈ ગયેલા અને તેમને સારવાર માટે વાઈબ્રન્ટ હોસ્પીટલ મહેસાણા લઈ ગયેલા. વિજયસિંહ સોમાજી બેભાન થઈ જતા પ્રવિણસિંહ પાછળથી આવી તેમને દવાખાને લઈ ગયેલા.

**(૩૧.૨)..** ઉલટમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસમાં કઈ ખુલેલ નથી કે, પ્રર્વિણસિંહ જ્યારે સરપંચ હતા ત્યારે આ કામના ફરીયાદી અને તેમના કુટુંબીજનોએ બિનપરવાનગી દબાણ કરી મકાનો બનાવેલ તે અંગે તેઓને મૌખિક અને લેખિત નોટીસ ગેરકાયદેસર દબાણ દુર કરવા નોટીસ આપેલી. તેમની રુબરુના નિવેદનમાં સાહેદ હીનાબેને તેઓ કડીથી સિપોર બસમાં સાડાબાર વાગે આવેલાનુ લખાવેલ છે. કડીથી સિપોર સાડાબાર વાગે કોઈ બસ આવે છે કે કેમ તે અંગે મે કોઈ તપાસ કરેલ નથી. હીનાબેનનુ નિવેદન તારીખ ૨૦/૦૧/૨૦૨૩ના રોજ, નિકુલસિંહ, કાન્તાબેન, કુબેરસિંહનુ, તથા પ્રતીકસિંહ વિજયજીના નિવેદનો તારીખ ૨૫/૦૨/૨૦૨૩ના રોજ લીધેલા. કરમણભાઈ રામાજીભાઈ રબારી, બ્રિજેશભાઈ બળવંતસિંહ, નિલમબેન ચૌહાણ અને ધનપાલસિંહ વિગેરેના નિવેદનો ના નિવેદનો તારીખ ૦૩/૦૩/૨૦૨૩ના રોજ લીધેલા.

**(૩૧.૩)..** ઉલટમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને ફરીયાદી સાહેદો એક જ જ્ઞાતી અને એક જ ગામના હોવાનુ તેમજ પહેલાથી એકબીજાથી પરિચિત હોવાનુ તેમની તપાસમાં જણાઈ આવેલ છે. તેમણે તપાસના કામે તારીખ ૨૭/૦૯/૨૦૨૩ના રોજ ભાગ્યોદય મલ્ટીસ્પેશીયાલીસ્ટ હોસ્પીટલ કડીનુ સર્ટીફીકેટ તપાસના કામે ધ્યાને લીધેલુ. આંક ૪૬થી રજુ મેડીકલ સર્ટીફીકેટમાં ત્રણ અજાણ્યા માણસોએ હુમલો કરેલાનુ ફરીયાદીએ જણાવેલ છે. આંક ૭૩ થી રજુ સુથાર પ્રવિણભાઈ રણછોડભાઈએ આપેલ પ્રમાણપત્રમાં ૩૦૨ ના ગુના અંગે પ્રમાણપત્ર આપેલાનુ લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે ભુલથી લખાયેલ છે. તેમણે ઇ.પી.કો કલમ ૩૦૨ના ગુનાની કોઈ તપાસ કરેલ નથી. જે ફોટોગ્રાફ તથા વીડીયોગ્રાફી મુળ સ્વરુપે કોણે બનાવેલ છે ક્યા ઈન્સ્ટ્રુમેન્ટથી બનાવેલ છે તેની કોઈ

તપાસ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે તે અંગે સર્ટીફીકેટ લીધેલ છે.

(૩૨).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૮૧થી પી.આઇ., નરન્દ્રસિંહ રવુભા વાઘેલા (પી.ડબલ્યુ નંબર–૨૧)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩માં વડનગરમાં પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ બજાવતા સી.બી.ગામીત સાહેબની બદલી થતાં સદર કામની તપાસ તેમને તા.૦૨–૦૪–૨૦૨૩ના રોજ મળેલી. જેથી અમોએ સદર તપાસ સંભાળતા કલમ વધારાનો રીપોર્ટ કરેલો. જે આંક–૭૨ થી રજુ છે. ત્યારબાદ સદર કામની તપાસ પી.આઇ. શ્રી એ.બી. ગોસ્વામીએ સંભાળેલ છે. તેમણે રીપોર્ટ કર્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૩૨.૧).. ઉલટમાં પી.આઇ.શ્રીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તપાસ સંભાળતા સાહેદોના નિવેદનો, પંચનામા વિગેરે ગહન રીતે ધ્યાને લીધેલા. તેમની તપાસ દરમ્યાન ગુનાનો વધારો કરવાનો કોઇ યોગ્ય પુરાવો ન હતો.

(૩૩ ).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૮૪થી એ.એસ. આઇ.,મુકેશગીરી બાબુગીરી ગોસ્વામી (પી.ડબલ્યુ નંબર–૨૩)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેમણે જણાવેલ છે કે, તેઓ વડનગર સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે તા. ૨૩–૦૪–૨૦૨૩ના રોજ સદર કામની તપાસ તેમને પી.આઇ. એન.આર.વાઘેલા તરફથી મળેલી અને સદર કામે તેમણે ફરીયાદ, પંચનામા, મેડીકલ સર્ટીફીકેટ, મુદામાલ રવાનગી નોંધ, એફ.એસ.એલ. સર્ટીફીકેટ વિગેરે મળેલા. જેનો અભ્યાસ કરતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઇ તા. ૨૬–૦૪–૨૦૨૩ના રોજ ચાર્જશીટ કરેલુ. તે સિવાય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૩૪).. કાયદાનો એ પ્રસ્થાપીત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસોમાં આરોપી સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિઃશંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે સંપુર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે

અને આરોપીએ માત્ર  મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઇનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરીણામ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નરેન્દ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૦૯(૨) ક્રાઇમ્સ પાના નંબર–૪૧૫ ( સુપ્રીમ કૉર્ટ ) ઉપરના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, એક નિર્દોષને ખોટી સજા ન થવી જોઇએ. પરંતુ જજની એ પણ ફરજ છે કે, ગુનો કરનાર વ્યક્તિ સજામાંથી છટકી પણ જવો જોઇએ નહી. પહેલાં સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. નામદાર સુપ્રીમ કૉર્ટે નીચે મુજબના શબ્દપ્રયોગ કરેલા છે.

...."A  judge does not preside over   a criminal trial merely to see to see that no innocent man is punished. A  Judge also presides to  see that a guilty man does not escape.Both are public duties."..

તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કૉર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થાનો પુરાવો છે, તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવા લાયક સાહેદના પુરાવા આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદપક્ષે કોઇ જરૂરી નથી.

**(૩૫)..** સદર કામે  ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોનો પુરાવો જોતાં બનાવ સમયે હાજર તથા ઈજા પામનાર બે સાહેદો છે. જેમનો પુરાવો સદર કામે વિશેષ મહત્વનો હોવાનું જણાઈ આવે છે. જેમાં ગુનાની ફરીયાદ આપનાર ફરીયાદી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદ કીર્તીસિંહ કુબેરજી જેમને ફરીયાદ પક્ષે આંક–૨૩ થી તપાસેલા છે. તેમના પુરાવામાં બનાવની હકીકતનો સમર્થન કરતી હકીકત જણાવેલ છે. જેમાં બનાવ તા.૧૪–૦૧–૨૦૨૩ ના રોજ બપોરના  ૧૨:૩૦ વાગે બનેલો. તેમની બેન હીનાબેન સુરેશજી કડીથી સીપોર આવેલા તેણીએ તેમના ભાણા પ્રતીક વિજયસીંહને ફોન કરેલો જે તેમણે ઉપાડેલો. તેમની બેને તેમને કહેલ કે હું સીપોર બસસ્ટેન્ડ ઉપર ઉભી છું આવીને લઈ જાવ. જેથી તેઓ તેમનું ડીસ્કવર

બાઈક લઈને સીપોર બસસ્ટેન્ડ ઉપર ગયેલો. **ત્યાં વિજયસીંહ સોમાજી આવીને તેમને બાઈક ઉપર ધકકો મારેલો તે સમયે સામે પ્રવિણજી સોમાજીએ તેમને લોખંડનું ધારીયુ માથામા જમણા ભાગે મારેલું. ત્યાં સામે પોપટજી ઉર્ફે અમરસીંહ અને રમેશજી વરવાજીએ આવીને તેમને ગડદાપાટું માર મારવા લાગેલા. તે સમયે તેમની બેન હીનાબેન તેમને છોડાવવા વચ્ચે પડતા તેને પણ માર મારેલો તે પછી તેઓ અર્ધ બેભાન થઈ ગયેલ.** વધુમાં ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ જયારે ભાનમાં આવેલો ત્યારે ૧૦૮ માં હતો તે સમયે તેમની સાથે તેમના ભાઈ નિકુલસીંહ અને હીનાબેન હતા. તે સમયે ૧૦૮માં પણ પ્રવિણસિહં સોમાજીએ તેમને ગડદાપાટુંનો માર મારતા ૧૦૮ ના સ્ટાફે તેમને છોડાવેલો. ત્યાંથી તેમને વડનગર સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. ત્યાં પણ પ્રવિણસિંહ સોમાજી તેમને ગડદા પાટુંનો માર મારવા લાગેલા. ત્યાં તેમને દવાખાનાના સીકયોરીટી સ્ટાફે છોડાવેલો. ત્યાં દવાખાનાના સી.સી.ટીવી. કેમેરામાં તે કેદ થયેલ છે. પછી તેમને દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાંથી તેમને સારવાર કરીને અમદાવાદ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવાનું કહેલું. પરંતુ તેઓ અમદાવાદ ગયેલા નહિ પરંતુ કડી ભાગ્યોદય હોસ્પીટલમાં ગયેલા ત્યાં તેમની સારવાર થયેલી. તેમણે ફરીયાદ વડનગર હોસ્પીટલમાં આપેલી. જે આ કામે આંક–૨૪ થી રજુ કરેલ છે અને તેમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

**(૩૬)..** ઉપરોકત ઈજા પામનાર ફરીયાદીની ઉલટતપાસમાં આરોપી તરફે આરોપી પ્રવિણસિંહ સોમાજી ઠાકોર બનાવ સમયે હાજર ન હોવા અંગે વારંવાર પુછીને બચાવ લીધેલ છે. પરંતુ તેને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં પણ કોઈ મહત્વની વિરોધાભાસી હકીકત બચાવપક્ષ કઢાવી શકેલ નથી.

**(૩૭)..** વધુમાં સાહેદ **હીનાબેન સોમાજી ઠાકોરને આંક–૧૩ થી** થયેલ જુબાનીનો પુરાવો જોતાં સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ તેણીની કડીથી તેમની નોકરી પુરી કરી સીપોર

મુકામે બસસ્ટેશને કલાક ૧૨:૦૦ વાગ્યાના સુમારે ઉતરેલી.ત્યારબાદ તેણીએ તેમના ભાણા પ્રતિકસીહને ફોન કરીને કહેલ કે આવીને લઈ જાઓ. તે ફોન તેણીના ભાઈ કિર્તીસીહ એ ઉઠાવેલો. તેણીને લેવા તેઓ આવેલા ત્યારે વિજયસીહ સોમાજી, પ્રવિણસીહ સોમાજી, રમેશજી એ લોકો ત્યા હાજર હતા. તેમનો ભાઈ બાઈક લઈને આવીને ઉભેલો ત્યારે વિજયસીહએ બાઈક નીચે પાડેલુ. ત્યાથી પ્રવિણસીહએ દોડીને આવી તેણીના ભાઈ કિર્તીસીહને ધારીયુ માથામાં મારેલુ. તેણીની બચાવવા માટે વચ્ચે ગઈ તો પ્રવિણજી,વિજયસિહ અને રમેશજીએ તેણીની પાટાનો મા મારેલો. તેણીના ભાઈને વાગેલુ જેથી નીચે પડી ગયેલો અને બેભાન થઈ ગયેલો. ત્યાથી કોઈકે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી. ત્યાથી એમ્બ્યુલન્સ લઈને નીકળેલા ત્યા વચ્ચે તેણીએ તેના ભાઈ નિકુલસીહને ફોન કરેલો કે તુ આવીજા જેથી તેને નવા બસસ્ટેશનેથી વચ્ચેથી લીધેલો. તેમની એમ્બ્યુલન્સ ત્યાથી નીકળેલી અને બાદલપુર પહોચતા આગળ બોલેરો ગાડી આડી પ્રવિણસીહએ કરેલી. એમ્બ્યુલન્સનો દરવાજાનુ લોક તોડી પ્રવિણસીહ, રેખાબેન, પોપટજી આ લોકો ઉપર એમ્બ્યુલન્સમાં ચડી ગયેલા અને તેઓએ ગડદાપાટુનો માર તેણીને તથા તેના ભાઈ કિર્તીસીહ, નિકુલસીહ ને મારેલો. ત્યા એમ્બ્યુલન્સ ડ્રાઈવરે તથા સ્ટાફનર્સએ તેમને બચાવેલા અને ત્યાથી એમ્બ્યુલન્સ લઈ તેઓ સીવીલ હોસ્પીટલ વડનગર ખાતે પહોચેલા. ત્યા પણ એમ્બ્યુલન્સનો દરવાજો ખોલતા પ્રવિણસીહ,રેખાબેન,પોપટજી,અને રમેશજી આ લોકોએ તેઓને માર મારેલો ત્યા પણ તેઓને સીવીલ ગાર્ડ એ બચાવેલા.

**(૩૭.૧)..** ઉપરોકત સાહેદની આરોપી તરફે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમાં આરોપી વિજયસિંહે ફરીયાદી કીર્તીજીની મોટરસાયકલ ધકકો મારી પાડી દીધેલાનું તથા આરોપી પ્રવિણસિંહ સોમાજી ઠાકોરે દોડીને આવી તેણીના ભાઈ કિર્તીસીહને ધારીયુ માથામાં મારેલાની હકીકતને સમર્થન કરેલ છે. વધુમાં આરોપીઓએ વડનગર સીવીલમાં પહોંચતા પણ તેઓને માર મારેલાની હકીકતો જણાવેલ છે. વધુમાં આરોપી તરફે વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર સાહેદે તેણીના કપડાં લોહી વાળા થયેલાનું

પોલીસને બતાવેલ. પરંતુ પોલીસે તે કબજે કરવા જરૂરી ન હોઈ કબજે લીધેલ ન હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે.

(૩૮).. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ **સાહેદ, ઠાકોર (ડાભી) નિકુંજસિંહ કુબેરજી (પી.ડબલ્યુ નંબર–૧૪) એ તેમના આંક–૫૨થી થયેલ જુબાનીમાં જણાવેલ છે કે** બનાવ આશરે બે થી ત્રણ વર્ષ પહેલા ઉતરાયણના દિવસે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ખેતરમાં હતો તે સમયે બપોરના બાર વાગ્યાના સુમારે તેમની ઉપર તેમની બહેન હીનાબેનનો ફોન આવેલો અને જણાવેલ કે, તેણીને લેવા માટે આવ. જેથી તેમણે કહેલ કે, તેઓ ખેતરમાં આવેલો છુ જેથી તેઓને ઘરે તેમના ભાણાને ફોન કરેલો અને તેમના ભાણાએ જણાવેલ કે, તેઓ પતંગ ચગાઉ છુ અને તેણે કહેલ કે, કિર્તીમામાને મોકલુ છુ. પંદરેક મીનીટબાદ ફરીથી તેમની બહેન હીનાબેનનો ફોન આવેલો અને કહેલ કે, પ્રવિણસિંહ સોમાજી, વિજયજી સોમાજી, પોપટજી સોમાજી, રમેશજી વરવાજી તેમણે કિર્તીસિંહ ઉપર ધારીયા વડે હુમલો કરેલ છે. જેથી તેમણે જણાવેલ કે, તેઓ આવે છે. તો તેમની બહેને જણાવેલ કે, બસ સ્ટેશને આવ જેથી તેઓ બસ સ્ટેશને ગયેલ. તેમણે બસ સ્ટેશને જઇ જોયુ તો તેમના ભાઇ કીર્તીસિંહને માથામાંથી લોહી નિકળતુ હતુ. ૧૦૮ વાન આવતા તેઓ અને તેમની બહેન કિર્તીસિંહને લઇને વાનમાં બેસાડીને વડનગર સિવિલ હોસ્પીટલ જવા નિકળેલા. ત્યારે બાદરપુર મોલ આગળ પ્રવિણસિંહની બોલેરો **ગાડી ૧૦૮ વાનની આગળ કરીને વાનને રોકેલી. પ્રવિણસિંહે ૧૦૮ વાનમાં આવવા માટે બળજબરીથી દરવાજો ખોલેલો. પછી કિર્તીસિંહને પ્રવિણસિંહે ગડદાપાટુનો માર મારેલો. ત્યારે ૧૦૮ વાનના સ્ટાફે તેમને છોડાવેલા. ત્યારબાદ કિર્તીસિંહને લઇને વડનગર સિવિલ હોસ્પીટલ જવા નિકળેલા. ત્યા સિવિલમાં પણ વાનમાંથી કિર્તીસિંહને ઉતારતા હતા ત્યારે પ્રવિણસિંહે આ કિર્તીસિંહે ગડદાપાટુનો માર મારેલો. ત્યા તેઓ અને તેમનીબહેન હીનાબેન તથા માતા ભીખીબેન તથા પિતા કુબેરજી હાજર હતા. સિવિલ હોસ્પીટલના સ્ટાફે તેમને છોડાવેલા. તે પછી કિર્તીસિંહને સિવિલ હોસ્પીટલમાં લઇ ગયેલા. તેમને અને તેમના પિતાને પણ પ્રવિણસિંહે ગડદાપાટુનો માર મારેલો.** સદર સાહેદે આરોપીઓને કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૩૮.૧).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની વિગતવાર

ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. **ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર તેમણે આ બનાવ બનતા નજરે જોયેલ નથી. બનાવ સમયે તેઓ ખેતરમાં હતા તેમજ તેમનું નિવેદન લેવામાં આવ્યુ ત્યા સુધી તેઓ ગામમાં અને ખેતરમાં હતા ક્યાય બહાર ગયેલ નહી.**

**(૩૮.૨)..** ઉપરોકત સાહેદની ઉલટતપાસ સાથેની જુબાની જોતાં મુખ્ય બનાવ બનેલ તે સમયે સદર સાહેદ બનાવવાળી જગ્યાએ હાજર ન હોવાનું તથા તેઓએ બનાવ બનતા નજરે જોયેલ નથી. પરંતુ સદર સાહેદના પુરાવાથી એ હકીકતને સમર્થન મળેલ છે કે, બનાવ સમયે સાહેદ કીર્તીસિંહને ઈજા થતા તેઓ જે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ જતા હતા તેમાં તેઓ બસસ્ટેન્ડથી બેઠેલા છે. વધુમાં સદર સાહેદની જુબાનીમાં પણ ફરીયાદી તથા સાહેદે હીનાબેને જણાવેલ બનાવની હકીકતો બનાવ બાદ તુરંત જાણેલાનું તથા આરોપી પ્રવિણસિંહ સોમાજી ઠાકોરે ફરીયાદી તથા સાહેદોને વડનગર સીવીલ હોસ્પીટલમાં ગડદાપાટુનો મારમારતાં હોસ્પીટલના સ્ટાફે તેમને છોડાવેલાની હકીકતો સમર્થન કરેલ છે.

**(૩૮.૩)..** ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના પુરાવાના અનુસંધાને ફરીયાદીએ તેમની ફરીયાદ જે બનાવના દિવસે તેમના ધ્વારા આપવામાં આવેલી તે આંક–૨૪ થી રજુ છે. સદર ફરીયાદની હકીકત જોવામાં આવે તો તેમાં બનાવ તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરના આશરે ૧૨:૩૦ વાગે સીપોર ગામના બસસ્ટેન્ડ આગળ બનેલાનું તથા તેમના બહેન હીનાબેન કડીથી સીપોર બસસ્ટેન્ડ ઉપર ઉતરેલા અને તેમના ભાણા પ્રતિકસિંહ વિજયસિંહ ચૌહાણને તેણીની બસસ્ટેન્ડ ઉપર ઉભેલ હોઈ બાઈક લઈ આવી તેણીને લઈ જવા ફોન કરેલો. જે ફોન ફરીયાદી કીર્તીસિંહ ઉપાડેલાનું જણાવેલ છે અને તેઓ તેમનું બાઈક લઈ તેમના બહેનને લેવા સીપોર બસસ્ટેન્ડ ગયેલા તે વખતે તેમના ગામના ડાભી(ઠાકોર) વિજયસિંહ સોમાજી નાઓએ આવી તેમને ધકકો મારી નીચે પાડી દીધેલ અને નજીકમાંથી તેનો ભાઈ ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજી નાઓ લોખંડની પાઈપ વાળું ધારીયું લઈને આવી માથામાં જમણી બાજુ મારી દીધેલ જેથી તેમને માથામાં લોહી નીકળવા લાગેલું અને તેઓ બેભાન અવસ્થામાં આવી ગયેલા

અને તેઓ ભાનમાં આવતા તેઓ ૧૦૮ વાહનમાં તેમની બહેન હીનાબેન તથા ભાઈ નિકુંજસિંહ પાસે હતા અને એમ્બ્યુલન્સ ઉભેલ હતી અને ત્યાં પણ આ પ્રવિણસિંહે ગડદાપાટુનો માર મારવા લાગેલા તથા તેમને વધુ મારમારથી એમ્બ્યુલન્સ ના ડ્રાઈવરે છોડાવેલા અને ત્યાંથી વડનગર સીવીલ હોસ્પીટલ ત્યાં પણ આ પ્રવિણસિંહ આવી ગયેલ અને તેણે તેમની સાથે તેમના બહેન તથા ભાઈ સાથે માથાકુટ કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને ત્યાં સીવીલ સીકયોરીટીના માણસો તેમને છોડાવેલા. આવી હકીકત આંક–૨૪ થી રજુ ફરીયાદમાં જણાવેલ છે.

(૩૮.૪).. વધુમાં સદર ઈજા પામનાર સાહેદ કીર્તીસિંહ કુબેરજીને વડનગર જનરલ સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે બનાવના દિવસે તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૨:૦૦ વાગ્યે લાવવામાં આવેલા ત્યારે તેમને સારવાર કરનાર ડૉ.ચિરાગભાઈ અનસારી રૂબરૂ તેમને બનાવ સમયે તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યા આસપાસ સીપોર બસસ્ટેન્ડ પાસે પ્રવિણસિંહ સોમાજીએ ધારીયું મારેલ છે તથા સીવીલના ગેટ પાસે મારામારી કરેલાનું આંક–૧૩ થી રજુ મેડીકલ સર્ટીફીકેટમાં લખાવેલ છે.

(૩૯).. વધુમાં ફરીયાદપક્ષે ઉપરોકત સાહેદને તપાસનાર ડૉ.ચિરાગ નારાયણભાઈ અસારીને આંક–૧૨ થી સાહેદ તરીકે તપાસેલા છે.સદર સાહેદે પણ તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં ગઈ તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજમાં હતા ત્યારે દર્દી નામે ઠાકોર કીર્તીસિંહ કુબેરજીને તેમના સગાઓ ધ્વારા એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે લાવેલા દર્દી સભાન અવસ્થામાં હતા તેઓને હીસ્ટ્રી પુછતાં જણાવેલ કે, તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યા આસપાસ સીપોર બસસ્ટેન્ડ પાસે પ્રવિણસિંહ સોમાજીએ ધારીયું મારેલ છે તથા સીવીલના ગેટ પાસે મારામારી કરેલ છે. વધુમાં દર્દીને પુછતાં જણાવેલ કે દશ મીનીટ સુધી બેભાન થઈ ગયેલ હતા તેવું જણાવેલ છે.

(૩૯.૧).. ઉપરોકત સાહેદને બનાવના દિવસે વડનગર જનરલ સીવીલ

હોસ્પીટલમાં સારવાર કરનાર ડૉ.ચિરાગ નારાયણભાઈ અસારીને આંક-૧૨ થી સાહેદ તરીકે તપાસેલા છે.સદર સાહેદે પણ તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવેલ છે કે ગઈ તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજમાં હતા ત્યારે દર્દી નામે હીનાબેન કુબેરજી ડાભી રહે.સીપોર તા.વડનગર વાળાને એમ્બ્યુલન્સમાં લાવેલા તેણીએ હીસ્ટ્રી પુછતાં જણાવેલ કે, તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યા આસપાસ રેખાબેન પ્રવિણસિંહ ડાભીએ મારામારી કરેલ છે તથા ગડદાપાટુનો મારમારેલ છે. વધુમાં સદર સાહેદની જુબાનીમાં આંક-૧૫ તથા આંક-૧૬ થી મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ છે. તેમાં પણ તેણીએ ઉપરોકત સમય,સ્થળ અને દિવસે રેખાબેન પ્રવિણસિંહ ડાભીએ તેણી સાથે મારામારી કરેલ છે તથા ગડદાપાટુનો મારમારેલ છે તેવી હીસ્ટ્રી લખેલ છે.

(૪૦).. ઉપરોકત ફરીયાદી તથા ઈજા પામનાર હીનાબેન કુબેરજી ઠાકોર નો કોર્ટ રૂબરૂ પુરાવો જોતાં તેમાં તેઓને વિજયજી ઠાકોરે ફરીયાદીનું બાઈક ધકકો મારી પાડી દીધેલાનું તથા પ્રવિણસિંહ સોમાજી ડાભીએ ધારીયાથી માથામાં મારેલાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદો હીનાબેને તેમના કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી પોપટજી સોમાજી, તથા રમેશજી વરવાજીનાએ પણ તેઓને મારમારેલાનું જણાવેલ છે. પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ બનાવ બાદ બનાવના દિવસે આપેલ ફરીયાદમાં તથા બનાવના એક જ કલાક બાદ વડનગર સીવીલ હોસ્પીટલમાં તેઓને સારવાર કરનાર ડૉ.ચિરાગ અસારી રૂબરૂ આપેલ હીસ્ટ્રીમાં માત્ર આરોપી પ્રવિણસિંહ સોમાજી ઠાકોરને તેઓને ધારીયું મારેલાનું તથા ફરીયાદમાં વિજયસિંહ સોમાજી એ બનાવ સમયે અને સ્થળે આવી ધકકો મારી નીચે પાડી દીધેલાનું તથા આરોપી પ્રવિણસિંહ સોમાજીએ ફરીયાદી કીર્તીસિંહને માથામાં ધારીયું મારી ઈજા કરેલાનું જણાવેલ છે. આમ, જે બનાવ બાદ તુરંત આપવામાં આવેલ ફરીયાદ તથા તેઓને તપાસનાર ડૉકટર રૂબરૂ આપેલ હીસ્ટ્રી જોતાં બનાવ સમયે આરોપી વિજયસિંહ સોમાજી ઠાકોરએ ફરીયાદીને ધકકો મારી પાડી દીધેલાનું તથા આરોપી પ્રવિણસિંહ સોમાજીએ ધારીયું લઈ આવી ફરીયાદીને માથામાં

મારી ઈજા કરેલાની હકીકતને સમર્થન મળેલ છે તથા તે હકીકત પુરવાર થાય છે.

(૪૦.૧).. પરંતુ આરોપી વિજયસિંહ સોમાજી ડાભી અને પ્રવિણસિંહ સોમાજી ડાભી સિવાયના અન્ય આરોપી ડાભી રમેશજી વરવાજી તથા ડાભી અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી નાઓ બનાવ સમયે હાજર હોય અને તેઓએ ફરીયાદી અગર તો સાહેદ હીનાબેનને કોઈ માર મારેલ હોઈ તેવું બનાવના દિવસે આપેલ ફરીયાદમાં તથા બનાવના એક જ કલાક બાદ તેમને તપાસનાર ડૉકટર સમક્ષ સદર આરોપીઓ હાજર હોય અને તેમણે તેમને માર મારેલ હોય તેવી કોઈ હીસ્ટ્રી આપેલ નથી. આમ, આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી અને વિજયસિંહ સોમાજી ડાભી સિવાયના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ હીનાબેનને મારમારેલાનું જે તેમના પુરાવામાં જણાવેલ છે તે ઉપરોકત સંજોગોમાં શંકા ઉપસ્થીત કરનાર તથા તે વિશ્વસનીય જણાતું નથી. આમ, આરોપી ડાભી રમેશજી વરવાજી તથા ડાભી અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી નાઓ સામે ફરીયાદપક્ષ કોઈ ગુનો કરેલાનું નિશંકપણે પુરવાર કરી શકેલ નથી.

વધુમાં નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **(1) State Of Gujarat VS Babubhai jivabhai Gohil reported in 2021 (0) AIJEL-HC 243400(2) State Of Gujarat VS Samalbhai Chandubhai Vasava reported in 2022 (0) AIJEL-HC 245234** માં પ્રસ્થાપીત કરેલ છે કે, ઈજા પામનાર ફરીયાદી/સાહેદો તેમને ઈજા કરનારના નામ તેમની સારવાર કરનાર ડૉકટર સમક્ષ હીસ્ટ્રી જણાવેલ ન હોય તો આરોપીને શંકાનો લાભ મળી શકે.હાલના કેસમાં પણ આગળ ચર્ચા કરેલ પુરાવાની હકીકતો મુજબ ઈજા પામનાર ફરીયાદી તથા આરોપીઓ એક જ ગામના તેમજ એકબીજાને સારી રીતે પ્રથમથી જ ઓળખતા હોવાનું જણાઈ આવે છે. તેમ છતાં ફરીયાદીએ બનાવના દિવસે બનાવના એક જ કલાક બાદ તેમને તપાસનાર વડનગર સીવીલ

હોસ્પીટલના મેડીકલ ઓફીસર ડૉ.ચિરાગ અસારી રૂબરૂ આપેલ હીસ્ટ્રીમાં તેમને ઈજા કરનાર ઈસમના જે નામ આપેલા તેમાં આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી જણાવેલ છે. પરંતુ આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી સિવાય અન્ય આરોપીઓના કોઈ નામ લખાવેલા નથી. તેમજ બનાવના દિવસે આપેલ ફરીયાદમાં તેમને મારનારના નામ જે લખાવેલ છે તેમાં આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી તથા વિજયસિંહ સોમાજી ડાભીના નામ લખાવેલ છે.પરંતુ તે સિવાયના આરોપીઓના નામ લખાવેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત નામ.વડી અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી તથા વિજયસિંહ સોમાજી ડાભી સિવાયના આરોપી પૈકી કયા આરોપીએ ફરીયાદી સાહેદને માર મારેલ તે અંગે તેમના પુરાવામાં એક સુત્રતા જણાતી નથી પરંતુ એકબીજાથી વિપરીત હકીકતો જણાવેલ છે. તે સંજોગોમાં નામ.વડી અદાલતના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભી તથા વિજયસિંહ સોમાજી ડાભી સિવાયના આરોપીઓ શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે.

વધુમાં નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો **Chunthuram VS State Of Chhatisgarh, Reported in** 2020(4) **Crimes** 402 (**SC**) માં નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કરેલ છે કે જો પુરાવા ઉપરથી બે વ્યુહ ઉપસ્થીત થતા હોય તો આરોપીની તરફેણનો વ્યુહ લેવો જોઈએ. હાલના કેસમાં પણ આરોપી નં.૩ પ્રવિણસિંહ સોમાજી ડાભી તથા આરોપી નં.૪ વિજયસિંહ સોમાજી ડાભી સિવાયના આરોપી નંબર–૧ ડાભી અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી અને આરોપી નંબર–૨ ડાભી રમેશજી વરવાજી નાઓને શંકાનો લાભ મેળવવા હક્કદાર બને છે જેથી મુદ્દા નંબર–૦૧નો નિર્ણય આરોપી નંબર–૦૧ અને આરોપી નંબર–૦૨ પુરતો નકારમાં આપું છુ.

**(૭૧)..** વધુમાં ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાની હકીકતો જોતાં બનાવના દિવસે ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદ હીનાબેનનો પુરાવો જોતાં તથા બનાવના દિવસે જ આપવામાં આવેલ ફરીયાદની હકીકત તથા બનાવના એક કલાક બાદ વડનગર સીવીલ હોસ્પીટલમાં ફરીયાદીને તપાસનાર ર્ડા.ચિરાગ અસારીનો પુરાવો જોતાં તથા તેમના રૂબરૂ ફરીયાદીએ બનાવના તુરંત જ બાદ આપેલ હીસ્ટ્રી જોતાં બનાવ તા.૧૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરના ૧:૦૦ વાગ્યા આસપાસ સીપોર બસસ્ટેન્ડ પાસે બનેલાનું તથા આરોપી વિજયસિહ સોમાજીએ ફરીયાદી કીતીસિંહ જે તેના બાઈક ઉપર તેમની બહેન હીનાબેનને લેવા આવીને ઉભા રહેલા તેમને ધકકો મારી પાડી દીધેલ છે. તેમજ આરોપી પ્રવિણસિંહ સોમાજીએ ધારીયું લઈ આવી ફરીયાદી કીર્તીસિંહને માથામાં મારી ઈજા કરેલાનું પુરવાર થાય છે.

**(૭૨)..** વધુમાં સદર કામે ગુનાવાળી જગ્યાના પંચો તેમના કોર્ટ રૂબરૂના પુરાવામાં વિમુખ જાહેર થયેલા છે. તેઓએ પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ ફરીયાદપક્ષે આંક–૩૬ થી તપાસેલા સાહેદ ચૌધરી ભાવિનકુમાર કાનજીભાઈ (પી.ડબલ્યુ નં.૯) કે જેઓ બંને પક્ષ માટે તટસ્થ કહી શકાય તેવા સાહેદ છે.તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ સને–૨૦૨૩ માં સર્કલ ઓફીસર તરીકે વડનગર સીવીલ હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા ત્યારે વડનગર પો.સ્ટે ગુ.રજી. નંબર–૧૧૨૦૬૭૩૨૩૦૦૨૯/૨૦૨૩ ના કામે સ્થળ સ્થીતીનુ નકશો બનાવવા સારુ રીપોર્ટ આવતા તેમણે સ્થળ ઉપર જઈ તા.૨૪–૦૩–૨૦૨૩ ના રોજ કલાક ૧૨:૪૦ વાગ્યે શરુ કરી કલાક ૧૨:૫૦ વાગ્યે પુરુ કરેલ. સદર પંચોની હાજરીમાં નકશો બનાવેલ જે તે આંક–૩૭ થી રજુ કરેલ છે અને તેમાં તેમની તથા પંચો ની સહી ઓ તેમણે ઓળખી બતાવેલ છે. તેમણે સીપોર ગામે જઈ બનાવવાળુ સ્થળ જોતા ગામના પાદરે બનાવવાળી જગ્યા સીપોર થી વડનગર તરફ જતા પાકા રોડ ઉપર આવેલ હતી.જે જગ્યાના હદખુટમાં ઉત્તરે સીપોર પ્રાથમીક શાળા–૧ તથા દક્ષિણે બસસ્ટેશન અને પુર્વ બાજુ આશાપુરા પાર્લર અને પશ્ચીમે બાદરપુર તરફ જતો

પાકકો રસ્તો આવેલ હતો જે ચાર હદખુટ વચ્ચે બનાવવાળી જગ્યા આવેલ હતી જે નકશામાં અમોએ બતાવેલ છે જે તે જ છે. તેમના ધ્વારા આંક–૩૭ થી રજુ કરેલ બનાવ વાળી જગ્યાનો નકશો જોતાં બનાવવાળી જગ્યા સીપોરથી વડનગર જતાં રોડ ઉપર સીપોર ગામના પાદરે આવેલાનું પુરવાર થાય છે.

(૪૩).. વધુમાં ફરીયાદી તથા સાહેદ હીનાબેનને જે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બનાવવાળી જગ્યાએથી સારવાર માટે વડનગર સીવીલ હોસ્પીટલમાં લઈ જતા હતા ત્યારે આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભીએ રસ્તામાં એમ્બ્યુલન્સ ઉભી રખાવેલાનું તથા હોસ્પીટલમાં પણ સદર પ્રવિણસિંહે ફરીયાદી સાહેદ સાથે મારામારી કરેલાની હકીકત ફરીયાદી,સાહેદ હીનાબેન કુબેરજી તથા સાહેદ નિકુંજસિંહ કુબેરજી નાએ પોતાના કોર્ટ રૂબરૂના પુરાવામાં જણાવેલ છે. વધુમાં વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે સીકયોરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા રબારી કરમણભાઈ રામાજીભાઈ ને આંક–૮૨ થી ફરીયાદપક્ષ સાહેદ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પણ તેમના પુરાવામાં જયારે ૧૦૮ એમ્બ્યુલન્સ વાહન દર્દીને બપોરના લગભગ દોઢેક વાગ્યાના સુમારે તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ લઈને આવેલ અને દર્દીને નીચે ઉતારતી વખતે બીજા લોકોએ તેમની ઉપર હુમલો કરેલો અને ઘણા માણસો ભેગા થઈ ગયેલ અને તેમને છુટા પાડેલાનું જણાવેલ છે. સદર સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓ હુમલો કરવા વાળાને ઓળખી શકે નહિ.

(૪૪).. વધુમાં ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદને જે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બનાવ સ્થળેથી વડનગર સીવીલ હોસ્પીટલમાં લઈ જતા હતા ત્યારે તે એમ્બ્યુલન્સમાં ડોકટર તરીકે હતા તે ચૌહાણ નિલમબેન રમેશભાઈએ તેમની આંક–૩૩ ની જુબાનીમાં તથા તે ૧૦૮એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા રાઠોડ ધનપાલસિંહ નિરમલસિંહ એ તેમની આંક–૩૪ ની જુબાનીમાં પણ તેઓ દર્દીને બેસાડી લઈ જતા હતા ત્યારે બાદરપુર ગામ પાસે પહોંચતા ૨ થી ૩ માણસોએ ઉભી રખાવેલી અને અંદર દર્દી હોવાનું તથા તેઓ એમ્બ્યુલન્સ ઉભી રખાવી શકે નહિ તેવું કહેતા જવા દીધેલા નહિ તથા એમ્બ્યુલન્સ સીવીલ હોસ્પીટલમાં

હતું ત્યારે ડ્રાઈવર નીચે ઉતરી દરવાજો ખોલે તે સમયે બધા આવી ગયેલા અને ઝપાઝપી કરવા લાગેલા. જેથી હોસ્પીટલના સીકયોરીટી ગાર્ડએ વચ્ચે પડી છુટા પાડેલા.

(૭૪.૧).. ઉપરોકત સાહેદોએ તેમની ઉલટતપાસમાં જે લોકો એમ્બ્યુલન્સની પાછળના ભાગે આવેલા તેઓને જોયેલ ન હોવાનું તથા બે વર્ષનો સમય થયેલ હોઈ તેઓ તેમને ઓળખી શકે નહિ તેવી હકીકતો જણાવેલ છે. પરંતુ સદર બંને સાહેદોનો પુરાવો તથા તેના અનુસંધાને ફરીયાદી તથા સાહેદને વડનગર સીવીલ હોસ્પીટલમાં છુટા પાડનાર સાહેદ રબારી કરમણભાઈ રામાજીભાઈનો પુરાવો જોતાં એ હકીકતને સમર્થન મળેલ છે કે જયારે ફરીયાદી સાહેદને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લાવવામાં આવેલ ત્યારે પણ તેમની સાથે અન્ય લોકોએ મારામારી કરેલાની હકીકતને સમર્થન મળે છે.

ઉપરોકત હકીકતોના અનુસંધાને ફરીયાદી, સાહેદ હીનાબેન તથા સાહેદ નિકુંલજીનો કોર્ટ રૂબરૂનો પુરાવો તથા ગુનાની ફરીયાદ જે બનાવના દિવસે આપવામાં આવેલી તેની હકીકતો જોતાં ફરીયાદી તથા સાહેદ હીનાબેન કુબેરજી સાથે આરોપી પ્રવિણસિંહ સોમાજી ડાભીએ બનાવના દિવસે સીવીલ હોસ્પીટલ ખાતે પણ ફરીયાદી તથા સાહેદ હીનાબેન સાથે મારામારી કરેલાનું પુરવાર થાય છે. આમ, આરોપી પ્રવિણસિંહ સોમાજી સામે ઈ.પી.કો.કલમ–૩૪૧ મુજબનો ગુનો પણ પુરવાર થાય છે. જો કે આરોપી નં.૪ વિજયસિંહ સોમાજી ઠાકોર તથા આરોપી નં.૧,૨ નાઓ જે બીજો બનાવ વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે બનેલ છે તે વખતે તેઓ હાજર હોય અને તેઓએ આરોપી પ્રવિણસિંહ સોમાજીને ગુનો કરવામાં મદદ કરી હોય અગર તો વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે ફરીયાદી સાહેદને કોઈ રુકાવટ ઉભી કરી ગુનો કરેલ હોઈ તેવું કાંઈ રજુ પુરાવાથી પુરવાર થતું નથી. આમ, આરોપી નં.૧,૨,૪ સામે ઈ.પી.કો.કલમ–૩૪૧ મુજબનો કોઈ ગુનો પુરવાર થતો નથી.

(૭૫).. વધુમાં હાલના કેસમાં એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામે

ફરીયાદી તથા સાહેદો વિરુધ્ધ ક્રોસ ફરીયાદ દાખલ થયેલ છે. જે ક્રોસ ફરીયાદ દાખલ થયેલ છે. જે ક્રોસ કેસમાં પણ માં ફરીયાદી તથા સાહેદને ઈજાઓ થયાનું રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં હાલના કેસમાં બનાવની હકીકત જોઈએ તો બંને પક્ષે સામ સામે મારામારી કરેલ છે તે મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. જેથી હાલના કિસ્સામાં કોઈ એક પક્ષકાર અગ્રેસર છે અને બીજા પક્ષકાર ડીફેન્સ કરતા હતાં તેવો કોઈ કેસ નથી.

(૪૬).. ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ રજુ પુરાવાથી આરોપી નંબર–૦૩ પ્રવિણસિંહ સોમાજી ઠાકોર તથા આરોપી નં.૦૪ વિજિયસિંહ સોમાજી ઠાકોર નાઓએ એકબીજાના મેળાપીપણામાં **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, સાથે વાંચતા ૧૧૪ મુજબ**નો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિવેડેલ છે. વધુમાં આરોપી નં.૦૩ પ્રવિણસિંહ સોમાજી ઠાકોરે સામે ઈ.પી.કો.કલમ–૩૪૧ મુજબનો ગુનો કરેલાનું નિશંકપણે પુરવાર થાય છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા નામ.સુપ્રીમ કોટ"નો ચુકાદો ક્રિશન વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૨૪(૧) જી.બી.એ.જે–૩૫૪ ઉપર આધાર રાખતા હોવાનું જણાવી નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાતો મુજબ જો ફરીયાદપક્ષનો પુરાવો શંકાનો ભમરો વાળો હોય અને ફરીયાદપક્ષના સાહેદોના નિવેદનો શંકાસ્પદ હોય તો આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તે મુજબ હાલના કેસમાં ફરીયાદપક્ષનો પુરાવો શંકાસ્પદ હોય હાલના કેસમાં આરોપીઓને શંકાનો લાભ આપવા રજુઆત કરેલ છે. પરંતુ આગળ ચર્ચા કરેલ પુરાવાની હકીકતો મુજબ બનાવના એક જ કલાક બાદ ફરીયાદીએ મેડીકલ ઓફીસર રૂબરૂ આપેલ હીસ્ટ્રીમાં જણાવેલ હકીકતો તથા બનાવના દિવસે આપેલ ફરીયાદ તથા ફરીયાદી સાહેદો તથા મેડીકલ ઓફીસરનો પુરાવો જોતાં આરોપી નં.૩,૪ નાએ ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો ગુનો કરેલાનું નિશંકપણે પુરવાર થયેલ છે તેમાં કોઈ શંકાનો વાદળો કે પુરાવો શંકાસ્પદ જણાતો નથી. તે સંજોગોમાં બચાવપક્ષે આધાર લીધેલ

નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેઓને મદદ કરતા બની શકે તેમ નથી.

જ્યારે અન્ય આરોપી નંબર–૦૧ અને આરોપી નંબર–૦૨ સામે સામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ મુજબ**નો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવેડેલ છે.

ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો મુજબ ફરીયાદપક્ષે મુદા નં.૦૧ ની હકીકત અંશત: પુરવાર કરેલ છે. જેથી મુદા નં.૦૧ નો નિણ”ય તે મુજબ ''**અંશત:હકાર**''માં આપું છું.

(૪૭).. વધુમાં ફરિયાદપક્ષે આરોપીઓ સામે જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર કરવા માટે મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાનું હથિયાર બંધી અંગેનું જાહેરનામું બનાવ સમયે અસ્તીત્વમાં હતું અને તે આ કામે આંક–૭૭ થી ત.ક.અમલદારની જુબાનીમાં રજુ કરેલ છે. પરંતુ સબંધીત કચેરીના કર્મચારીને તપાસી બનાવ સમયે સદર હથિયાર બંધીનું જાહેરનામું બનાવ સમયે અમલમાં હોવાનું કંઈ પુરવાર કરેલ નથી. વધુમાં સદર હથિયાર બંધીનું જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ હોય અગર તો સદર જાહેરનામાની બહોળી પ્રસીધ્ધી આરોપી જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારમાં પબ્લીકના ધ્યાને આવે તે મુજબ જાહેરનામું પ્રસિધ્ધી કરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજુ કરેલ નથી. તે સંજોગોમાં માત્ર હથિયાર બંધી અંગેના જાહેરનામાની નકલ ત.ક.અમલદારની જુબાનીમાં રજુ કરવા માત્રથી આરોપીઓ સામે જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી. આમ ફરિયાદપક્ષ આરોપીઓ સામે જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.જેથી મુદા નં.૨ નો નિર્ણય તે મુજબ ''**નકારમાં**'' આપું છું.

(૪૮).. ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી નંબર–૦૧ અને આરોપી નંબર–૦૨ સામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ**નો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જ્યારે આરોપી નંબર–

૦૩,૦૪ સામે ફરીયાદપક્ષ આરોપી સામે ફરિયાદપક્ષ **જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**નો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તથા આરોપી નં.૪ સામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૧ મુજબ**નો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**ફરીયાદપક્ષે આરોપી નં.૩,૪ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, સાથે વાંચતા ૧૧૪ મુજબ**નો ગુનો કરેલાનું તથા આરોપી નં.૩ સામે ૩૪૧ મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર કરેલ છે.જેથી આરોપી નં.૩ ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, સાથે વાંચતા ૧૧૪ તથા કલમ–**૩૪૧ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા આરોપી નં.૪ ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, સાથે વાંચતા ૧૧૪ મુજબ** ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા મુલત્વી.

તારીખ– ૨૯/૦૯/૨૦૨૫.
સ્થળ – વિસનગર.

( પ્રવિણભાઇ જોઇતાભાઇ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661

**<u>સજા અંગે સાંભળ્યાઃ–</u>**

(૪૯).. આરોપીના વિદ્વાન વકીલશ્રી એમ.જી.જોષી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીઓનો કોઇ ગુનાહીત ભૂતકાળ નથી અને આરોપીઓ ખેતી વર્ગના છે. આરોપી યુવાન વયના છે. આરોપીએ ઈરાદાપૂર્વક ગુનો કરેલ નથી. તેમના ઉપર તેમના કુટુંબની જવાબદારી છે. આરોપીઓ સામાજીક અને રાજકીય પ્રતિષ્ઠા ધરાવતી વ્યકિત છે. જેથી ઓછામાં ઓછી સજા અને ઓછામાં ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે.

(૫૦).. પ્રોસીકયુશન તરફે વિદ્વાન એડિ. પી.પી. શ્રી આર. બી. દરજી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીએ જે ગુનાહિત કૃત્ય આચરેલ છે તે આરોપીએ ફરીયાદી તથા સાહેદોને માથાના ભાગે ધારીયા જેવા હથીયારથી ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. તેમજ આરોપી પ્રવિણસિંહે ફરીયાદી સાહેદને બનાવવાળા સ્થળે માર માર્યા બાદ હોસ્પીટલમાં સારવાર લેવા જતા પણ અટકાવી તેમને માર મારેલ છે. તેમજ હાલના ગુના બાદ પણ આરોપીઓએ આ જ ગુનાની અદાવતમાં બીજો ગુનો પણ આચરેલ છે. જેથી પ્રોબેશનનો લાભ આપી શકાય નહિ અને આરોપી ઉપર કોઈપણ જાતની દયા નહી રાખી સખતમાં સખત સજા અને દંડ કરવા રજુઆત કરેલ છે.

(૫૧).. બન્ને પક્ષના વિ.વકીલશ્રીઓની સજા બાબતે દલીલો સાંભળી. આરોપીઓને સાંભળ્યા. આ કામે જોવામાં આવે તો આરોપી નં.૩ અને ૪ નાએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ફરીયાદીને ધારીયાથી માથાના ભાગે સાહેદને બનાવવાળી જગ્યાએ ધારીયાથી માથાના ભાગે ઈજાઓ કર્યા" બાદ હોસ્પીટલમાં સારવાર કરાવવા જતાં ત્યાં પણ આરોપી નં.૩ નાએ રૂકાવટ ઉભી કરી તેમણે માર મારેલ છે. તેમજ આજ ગુનાના અનુસંધાને બીનો ગુનો

પણ આચરેલ છે. તેમજ આ જ ગુનાના અનુસંધાને ફરીયાદી સાહેદ સાથે પુન: ગુનો આચરેલ છે. તે સંજોગોમાં આરોપી નં.૩ અને ૪ ને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાતું નથી. પરંતુ યોગ્ય સજા અને દંડ કરવો ન્યાયના હિતમાં યોગ્ય જણાતું હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરનો હુકમ ::

(૧) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૧, **ડાભી ( ઠાકોર ) અમરસિંહ ઉર્ફે પોપટજી સોમાજી,** ઉ.વ.આ.– ૪૫, મુળ રહે.– સિપોર, મોટોવાસ, તા.– વડનગર, જી.– મહેસાણા. હાલ રહે.– ઉમેદગઢ, તા.– ઈડર, જી.– સાબરકાંઠા તથા આરોપી નંબર–૦૨, **ડાભી (ઠાકોર) રમેશજી વરવાજી જેહાજી,** ઉ.વ.આ.– ૪૫, રહે.– સિપોર, મોટોવાસ, તા.– વડનગર, જી.– મહેસાણાવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૩૪૧, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હાના સબબ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

( ૨) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૩, **ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજી ખોડાજી,** ઉ.વ.– ૪૯, રહે.– સિપોર, પટવાવાસ, તા.– વડનગર, જી.– મહેસાણાવાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હા પુરતા નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૪, **વિજયસિંહ સોમાજી ખોડાજી ડાભી (ઠાકોર),** ઉ.વ.– ૪૭, રહે.– સિપોર, કુંભારવાસ, તા.– વડનગર, જી.– મહેસાણાવાળા ઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાનીકલમ–૩૪૧, તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ**ના ગુન્હા પુરતા નિર્દોષ ઠરાવી

છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૩, **ડાભી (ઠાકોર) પ્રવિણસિંહ સોમાજી ખોડાજી,** ઉ.વ.– ૪૯, રહે.– સિપોર, પટવાવાસ, તા.– વડનગર, જી.– પાટણ તથા આરોપી નંબર–૦૪, **વિજયસિંહ સોમાજી ખોડાજી ડાભી (ઠાકોર),** ઉ.વ.– ૪૭, રહે.– સિપોર, કુંભારવાસ, તા.– વડનગર, જી.– મહેસાણાવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ. ર. નંબર– ૧૧૨૦૬૦૭૩૨૩૦૦૨૮/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪, ૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ**ના ગુન્હાના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા આરોપી નંબર–૦૩, ને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૧,ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૫) આરોપી નંબર–૦૩, તથા આરોપી નંબર–૦૪, પ્રત્યેક ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ મુજબના ગુના સબબ બે વર્ષની સાદી કેદની સજા તથા દંડ પેટે રૂ.૨,૦૦૦/–**ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી નંબર–૦૩, તથા આરોપી નંબર–૦૪, પ્રત્યેક ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ તથા સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુના સબબ ત્રણ માસની સાદી કેદની સજા તથા દંડ પેટે રૂ.૫૦૦/–**ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપી નંબર–૦૩ ને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૧ મુજબના ગુના સબબ (૦૧)એક માસની સાદી કેદની સજા તથા દંડ પેટે રૂ.૧૦૦/–**ભરવાનો હુકમ કરવામાં આવે છેજો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૮) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપી નંબર–૦૩, તથા આરોપી નંબર–૦૪ નાઓએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ જયુડીશ્યલ કસ્ટડીનો સમયગાળો આરોપીને મુળ સજા સામે મજરે આપવા હુકમ કરવામાં આવે છે તથા તમામ સજા એક સાથે ભોગવવા આદેશ કરવામાં આવે છે.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ સદર જજમેન્ટની પ્રમાણિત નકલ આરોપી નંબર–૦૩, ૦૪ ને વિનામૂલ્યે પુરી પાડવી.

(૧૦) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વયે સદર જજમેન્ટની પ્રમાણિત નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણાને મોકલી આપવી.

(૧૧) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય પુરો થયે નિયમોનુસાર નાશ કરવો.

(૧૨) આરોપી નંબર–૦૩, ૦૪ ઓનુ જરુરી સજા વોરંટ ભરવુ.

(૧૩) મજકૂર ઠરાવ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે આરોપી નં.૧,૨ પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર)ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૨૯** મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૯/૦૯/૨૦૨૫.
સ્થળ – વિસનગર.

( પ્રવિણભાઇ જોઇતાભાઇ ચૌધરી )
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**મુ.વિસનગર.**
UIC No.GJ–00661